# ભગિનીને ભેટ

ધર્મભગિની

આજના યાદગાર માંગલીક પ્રસંગે અનેક શુભેચ્છકો તરફથી ત્હેને મૂલ્યવાન વસ્તુઓ ભેટમાં મળશે; જે જેની પાસે જેટલા પ્રમાણમાં હશે એટલામાંથી આ શુભપ્રસંગના સ્મૃતિચિહ્ન તરીકે કાંઇક આપવું જ પડે. એ વ્યવહાર છે, છતાં આવશ્યક છે.

પરન્તુ હું શું આપું ?

એક અમૂલ્ય ભેટ આપવાની ઈચ્છા થઇ આવે છે; આ રહી એ બહુમૂલ્ય ભેટ:—

—:હરિગીત:—

બ્હેની ! પધારી સાસરે નિજ આંગણાં અજવાળજે,
કંકાસ, કપટ, કુનીતિ-કલેશોનાં તિમિરને ટાળજે;
શુભલગ્નના સ્મૃતિચિહ્નમાં આશિર્વચન સ્વીકારજે,
'મંગલ' મનોહર નામ નિજ ધનકુંવર ધન્ય બનાવજે.

પોરબંદર

બસ એજ.

તા. ૬-૨-૩૮ ... ધર્મબંધુ.

ચન્દ્રવાર. ... સંપાદક

# સમર્પણ

**શ્રીમાન્ અખંડ પ્રૌઢપ્રતાપવાન્ શેઠ શ્રી અભેચંદ ગિરધરભાઈ**
**રાયસાહેબ, રાજયમંત્રી, ધર્મભૂષણ : પોરબંદર.**

લક્ષ્મીનંદનોને લક્ષ્યમાં લેવા યોગ્ય, વિદ્વાનોએ વિચારવા યોગ્ય અને
સજ્જનોએ સત્કારવા યોગ્ય, આપનો વિનયશીલસ્વભાવ,
દાનપ્રિયતા, ઉદારતા, સાદાઈ, સાહિત્યપ્રિયતા,
ધર્મપ્રિયતા અને મારા પરની અહેતુકી કૃપાની
પ્રતિક્રિયા અર્થેજ નહીં; પરન્તુ गुणाःपूजास्थानं.
ઇત્યાદિ શાસ્ત્રવચનાનુસાર ગુણોની પૂજા
કરવા અર્થે યોજાયેલું આ
પરિમલપૂર્ણ પુષ્પ આપને
સપ્રેમ સમર્પિત
કરીને કૃતજ્ઞ
થાઉં
છું.

વિનીત. **પં. મંગલજી શાસ્ત્રી** સાહિત્યભૂષણ
સમ્પાદકઃ વિશ્વમંગલઃ
**જુનાગઢ.**



શ્રીમાન્ રાયસાહેબ શ્રી. અભયચંદ ગિરધરભાઈ.
રાજ્યમંત્રી; ધર્મભૂષણ—પોરબંદર.

જેમનાં સુપુત્રી અ. સૌ. ધનકુંવરબ્હેનનાં શુભલગ્ન પ્રસંગે આ લઘુ પુસ્તિકા ભેટ અપાય છે.

# સમ્પાદકીય વક્તવ્ય

## —પ્રાક્કથન—

### વિવાહ એ વિકાસ છે

પુષ્પ શા માટે ખીલે છે? ચંદ્રમા કેમ પ્રફુલ્લિત બને છે? વૃક્ષ કેમ અભિવર્ધિત બને છે? એ બધા પ્રશ્નોનો પ્રત્યુત્તર એજ છે, કે:—એનામાં વિકાસનો ક્રમ છે અને એ ક્રમ અનાદિથી પરંપરાગત ચાલ્યો આવે છે. વિવાહ શા માટે કરવા? એ સવાલનો પણ એજ પ્રત્યુત્તર હોઇ શકે કે એમાં સૃષ્ટિવિકાસનો અનાદિ-અબાધિત ક્રમ છે.

### ક્રમિક વિકાસનો અવરોધ

જગતના વિસ્તીર્ણ કર્મક્ષેત્રમાં માનવ જન્મ કાંઈક ઉદ્દેશની સિદ્ધિ માટે થયેલો છે, પાણીના પરપોટાની જેમ ઉત્પન્ન થઇને કાંઇપણ કર્તવ્ય કર્યા સિવાય આગીયાની જેમ નામમાત્રનો પ્રકાશ આપીને ઓલવાઇ જવું એ વિકાસક્રમથી વિરુદ્ધ છે; ક્રમિક ઉન્નતિના અવરોધ રૂપે છે.

પુત્ર-પુત્રીના વિવાહ કરતાં પહેલાં આપણે ત્યાં કૂલ, માન, સ્વરૂપ અને કોઇ કોઇ ઠેકાણે વિદ્યાની વાત વિચારાય છે; પરન્તુ ઉભયનાં ધર્મ કે નીતિવિષયક વિચાર કરવામાં આવતો નથી. આને પણ ક્રમિક અવનતિનું મૂળ કારણ માની શકાય.

દક્ષિણાતુર પોપટીયા ગોર લોકો પણ એ ક્રમિક વિકાસના અવરોધમાં અગત્યનો ભાગ ભજવે છે એમ સખેદ કહ્યા સિવાય ચાલી શકતું નથી, તેઓ વર-કન્યાનો હસ્તમેલાપ કરાવીને બન્નેને મહાન્ સંસાર સાગર તરફ ધકેલી મૂકે છે એ પોપટીયા ગોર લોકો-દ્વારા બોલતા અશુદ્ધ મંત્રો અને અપૂર્ણ પ્રતિજ્ઞાઓનો અર્થ બોલનાર પોતે જયાં ન જાણતા હોય ત્યાં વર-કન્યાને સમજાવવાની ઇચ્છા રાખવી એ મિથ્યા છે. આર્યત્વના પ્રતિનિધિસ્વરૂપ ગૃહસ્થા-

# લગ્નરહસ્ય.

## प्रथम परिच्छेद.



नत्वा गणपतिं देवं सर्वविघ्नविनाशकम् ।
लोकबोधाय वै लग्न-रहस्यं विलिखाम्यहम् ॥

## વિવાહવિચાર.

### વિવાહ એક સંસ્કાર છે.

એકની એક વસ્તુને શુદ્ધ કરવી–મૂલ સ્વરૂપના કરતાં વિશેષ ઉપયોગી બનાવવી એનું નામ સંસ્કાર કહેવાય છે. આપણા આર્ય શાસ્ત્રોમાં અનેક સ્થાનોપર એ સંસ્કારને જ મનુષ્યત્વના ઘડતરનું મુખ્ય સાધન બતાવેલું છે જ્યારે સાધારણ કપાસને સંસ્કાર આપી (કપાસીઆ કાઢી નાંખી) તેનું સૂતર બનાવવામાં આવે અને ત્યારપછી પણ તેનાં વિવિધ પ્રકારનાં વસ્ત્રો બનાવવામાં આવે ત્યારેજ તે આપણા પહેરવા યોગ્ય ઉત્તમ વસ્ત્ર બને છે, સુવર્ણમાંથી (ગાળવા-ટીપવા અને અલગ અલગ ઘાટ બનાવવા વિગેરે) જૂદા જૂદા સંસ્કારોદ્વારા સુંદર આભૂષણો બની શકે છે ત્યારે માનવ જન્મ

પામ્યા પછી બાલકને શાસ્ત્રોક્ત સંસ્કારોથી સંસ્કૃત બનાવ્યા બાદ એ દ્વિજ ઉત્તમ કૂલનો બને એમાં આશ્ચર્ય શું? માટે જ આપણે માત્ર શરીરને જ નહીં પરન્તુ તેમાં થયેલા ઉત્તમ પરિવર્તન-સંસ્કારને જ વિશેષ મહત્ત્વ આપીએ છીએ.

પરન્તુ એ બધી વાતો મૂલ વસ્તુ હોય એના માટે બતાવેલી છે જ્યાં બ્રાહ્મણ-ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે વર્ણોમાંનો કોઇ વર્ણ જ ન હોય ત્યાં સંસ્કારજ ક્યાંથી સંભવે?

વિશેષતઃ બ્રાહ્મણો માટે અને ક્ષત્રિય-વૈશ્યાદિ માટે શાસ્ત્રમાં સોળ સંસ્કારો બતાવેલા છે.

**गर्भाधानं पुंसवनं सीमन्तं जातकर्म च ।**
**नामकर्म निष्क्रमण मन्नप्राशनं चौलकम् ॥**
**मौञ्जीवेद महानाम महावृत्तमतः परम् ।**
**औपनिषदं गोदानं समावर्तनमेव च ॥**
**विवाहः पुत्रकामाय संस्काराः षोडश स्मृताः ॥**

ગર્ભાધાન, પુંસવન, સીમન્ત, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૌલકર્મ (બાળમોવાળા ઉતરાવવા તે), ઉપવીત (યજ્ઞોપવીત), વેદાધ્યયન, આગળ વિદ્યાભ્યાસ કરવા માટેનો અધિકાર મળે તે મહાનામ, બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવા માટે ઉંચા પ્રકારના નિયમો લેવા તે મહાવૃત્ત, ઉપનિષદ્ સંબંધી અધ્યયન કરવું તે, ગોદાન, સમાવર્તન, અને (સમાન વર્ણ, વય ગુણ તથા સર્વ પ્રકારે યોગ્ય કન્યા સાથે લગ્ન કરવાં તે. **વિવાહ** એમ સોળ સંસ્કારો કહેલા છે.

ઉપરોક્ત સોળે સંસ્કારો અદ્યાપિ પર્યન્ત આપણે ત્યાંનાં ઉચ્ચ કુટુમ્બોમાં તેમજ દક્ષિણ હિન્દુસ્થાનમાં વિધિપૂર્વક કરવામાં આવે છે, કેટલીક જગોએ એ સંસ્કારોનાં નામોમાં ઋષિમતે મતભેદ

પણ છે, છતાં આપણે ત્યાં પ્રાયઃ સર્વે દ્વિજ (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય) વર્ણોમાં એ સંસ્કારો કરાવવા આવશ્યક છે. જ્યાં યજ્ઞોપવીત સંસ્કાર કરાવવાનો અધિકાર ન હોય ત્યાં માત્ર વિવાહ સંસ્કાર જ માન્ય છે.

અત્યારના કહેવાતા સુધારાવાદના જમાનામાં આ એક સંસ્કાર પણ લુપ્ત થતો જાય છે એ કાંઇ ઓછા ખેદનો વિષય નથી, છતાં આપણે એટલો તો અવશ્ય વિચાર કરવો ઘટે છે કેઃ-પ્રત્યેક જાતિમાં, પ્રત્યેક દેશમાં પ્રકારાન્તરે પણ એ વિવાહ સંસ્કાર સ્વીકારાયેલોજ છે.

## વિવાહની આવશ્યકતા.

ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થમાંના કામ નામના પુરુષાર્થને પ્રભુપ્રાપ્તિ માટે ચઢવાની ત્રીજી સીડી માનવામાં આવી છે, ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ ગૃહસ્થાશ્રમને પોતાના હૃદયની ઉપમા આપીને ગૃહસ્થ-ધર્મની ઉચ્ચતા સિદ્ધ કરી બતાવી છે એ ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ બનવામાં લગ્ન-વિવાહ એ એક આવશ્યક ક્રિયાછે જેક્રિયા દ્વારા મનુષ્ય મોક્ષ માર્ગે પ્રયાણ કરી શકે છે.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાના એ મુખ્ય દ્વાર-વિવાહને શાસ્ત્રીય રીતે-સમજ પૂર્વક રચવામાં આવે તો ગૃહસ્થાશ્રમ સુખદાયી નીવડે છે ગૃહસ્થાશ્રમની શોભા ઉત્તમ ગૃહિણી થીજ વધે છે માટે જ પ્રત્યેક મનુષ્ય માટે વિવાહ એ એક એવા પ્રકારનું બંધન છે કે જે બંધન દ્વારા બંધાઈને સ્ત્રી-પુરુષ અનેક ધાર્મિક, અને સામાજીક કાર્યો કરીને પોતાના જીવનને ધન્ય બનાવી શકે છે.

ઘણાં યુવક-યુવતીઓની એવી માન્યતા હોય છે કેઃ-"એવું વિવાહ-બંધન શા માટે જોઇએ ?"

એમ કહેનારાઓ જો પૂરા યોગી હોય તો તો તેઓને એ સંબંધે કાંઇ પણ કહેવું ઉચિત નથી પરન્તુ સાધારણ શ્રેણીના

મનુષ્યો તો કોઇપણ પ્રકારના બંધનને ન સ્વીકારીને સ્વેચ્છાચારી બની જશે; મન અને ઇન્દ્રિઓ પરનો કાબૂ ગુમાવી બેસીને તે અનેક અનર્થો ઉત્પન્ન કરી બેસશે, માટે એવા ભાવી અનર્થોને અટકાવવા માટે પણ યોગ્ય કુલ-શીલ જોઇને વિવાહ બંધનમાં જોડાઈને સંયમ સાધવો એ અત્યન્ત હિતકર છે.

વિવાહ એ એક બીજાનું જોડાણ છે, પરસ્પરના સુખ-દુઃખાદિને પોતાનાંજ સુખ-દુઃખ માનીને વહન કરવાં, એનું નામ વિવાહ છે. એનો બીજો પર્યાયવાચક શબ્દ લગ્ન છે. પવિત્ર ભાવથી જીવન પર્યન્ત સ્ત્રી અને પુરુષના જોડાએલા સંબંધને લગ્ન કહેવામાં આવે છે.

લગ્ન વિધિથી જોડાયેલાં સ્ત્રી-પુરુષના પ્રાણ અને હૃદય એક બીજા સાથે મળતાં એકત્વ-અભિન્ન દશાએ પહોંચે છે. અને ત્યાં **शान्तं-शिवं सुन्दरम्** સ્વરૂપ દૈવી પ્રેમદેવના પ્રભાવ વડે એક ને એક બે થવાને બદલે એક હૃદય સાથે બીજું હૃદય મળી જઇને એક જ **अद्वैत** બને છે. એક જ આશા, એક જ ધ્યેય, એક જ ધ્યાન અને જ્ઞાન પ્રત્યેક બાબતોમાં તેઓની એકતા થઇ જાય છે. એમ થતાં તેઓ સ્ત્રી અને પુરુષ એવી સંજ્ઞામાંથી " દંપતિ " સંજ્ઞાને પામે છે.

આ પ્રકારે આર્ય-વૈદિક લગ્નની ભાવનામાં શરીરના અનુસંધાનની સાથે સાથે એના મનનું પણ અનુસંધાન કરવાની દિવ્યશક્તિ છે.

આટલી ઉત્કૃષ્ટ મનોભાવનાએ પહોંચાડનાર એ વિવાહ છે અને એ વિવાહ આત્માનુંજ બંધન હોવાથી આ દેહના અસ્તિત્વ સુધી કદાપિ તુટી શકતું નથી, આ પ્રકારે વિવાહ એ દૈહિક, માનસિક, અને આધ્યાત્મિક કાર્યો સિદ્ધ કરવામાં એક આવશ્યક સાધન છે

## વિવાહના પ્રકાર

શેકસપીયરના કથન મુજબ આજના યુવાનો માને છે કે:- *(Young man's love lies in his eyes; & not in his heart)* "જુવાનીઆઓનો પ્રેમ આંખમાં હોય છે હૃદયમાં નથી હોતો" જ્યાં સુધી યુવાન હોય ત્યાં સુધી જ લગ્ન અને ત્યાર પછી કાંઈ સંબંધ નહીં એવું નામ વિવાહ જ નથી મૈત્રી અને વિવાહ એને તો સ્નેહનાં ઉત્તમ ધામ માનવામાં આવ્યાં છે. બન્ને જુદાં જુદાં છે છતાં એક જ મનાય છે ધર્મશાસ્ત્રો એ વિષયમાં સ્પષ્ટ આજ્ઞા આપે છે.

**ययोरेव समं चित्तं ययोरेव समं कुलम् ।**
**तयोर्मैत्री विवाहश्च नोत्तमाधमयोः क्वचित् ॥**

અર્થાત્ જેઓનું પરસ્પર સરખું ચિત્ત હોય, ઘરની સ્થિતિ લગભગ સરખી હોય તેજ બન્ને કુટુમ્બો વચ્ચે મૈત્રી અને વિવાહ કરવા યોગ્ય છે.

મનુસ્મૃતિ અધ્યાય ૩ શ્લોક ૨૧ મા માં વિવાહના આઠ પ્રકારો આ પ્રમાણે બતાવ્યા છે--

**ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।**
**गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥**

અર્થ:-બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ રાક્ષસ અને પૈશાચ એમ આઠ પ્રકારના વિવાહ છે.

### १ ब्राह्म विवाहः-

કન્યાના પિતાએ વેદશાસ્ત્ર સમ્પન્ન તથા સદાચરણવાળા વરને બોલાવી વર તથા કન્યાનો વસ્ત્રાલંકારોથી સત્કાર કરીને પુત્રીનું દાન આપવું તે **બ્રહ્મ વિવાહ** ગણાય છે

## २ दैव विवाह:-

વિસ્તારવાળા યજ્ઞમાં ઋત્વિજના કાર્યને સારી રીતે કરનાર વરને અલંકારોવડે શણગારેલી પુત્રીનું દાન આપવું તેને **દૈવ વિવાહ** કહેવામાં આવે છે.

## आर्षविवाह:-

ધર્મપૂર્વક એક બળદ અને એક ગાય અથવા બે બળદ અને બે ગાય વર પાસેથી લઇને વિધિપૂર્વક કન્યાનું દાન આપવું તેને **આર્ષવિવાહ** કહેવાય છે.

## ४ प्राजापत्यविवाह:-

કન્યાદાન દેતી વખતે "તમે બન્ને સાથે રહીને ધર્મનું આચરણ કરો" એમ વાણીથી કહીને અને વર-કન્યાને પૂજીને કન્યાનું દાન આપવું તેને **પ્રાજાપત્યવિવાહ** કહેવામાં આવે છે.

## ५ आसुरविवाह:-

કન્યાનાં માતા-પિતા અથવા તેના સગાંને તેમજ કન્યાને યથાશક્તિ દ્રવ્ય આપીને ઇચ્છા મુજબ જે કન્યાનું દાન થાય છે તેને **આસુરવિવાહ** કહે છે

## ६ गांधर्वविवाह:-

કન્યા અને વરની જ માત્ર ઇચ્છાથી પરસ્પર સંબંધ થાય તેને **ગાંધર્વવિવાહ** જાણવો; કારણ કે:-તેમાં માત્ર શારીરિક કામનાજ મુખ્ય કારણ હોય છે.

## ७ राक्षसविवाह:-

કન્યાની આડા આવતાં સંબંધી જનોને હણીને અથવા છેદન ભેદન કરીને રૂદન કરતી કન્યાનું બલાત્કારથી હરણ કરવું તેને **રાક્ષસવિવાહ** કહે છે

## ૮ पैशाच विवाह:-

નિદ્રામાં પડેલી, કેફી ચીજના સેવન વડે ઘેનમાં પડેલી, અને બેભાન થઈ ગયેલી કન્યા સાથે એકાન્ત સેવન કરવામાં આવે તે અધમમાં પણ અધમ **પૈશાચ વિવાહ** કહેવાય છે

બ્રાહ્મ વિવાહથી પરિણીત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા એકવીશ પેઢીનો ઉદ્ધાર કરે છે દૈવ વિવાહથી પરિણીત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા પંદર પેઢીનો ઉદ્ધાર કરે છે, આર્ષવિવાહથી પરિણીત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા સાત પેઢીનો ઉદ્ધાર કરે છે અને પ્રાજાપાત્ય વિવાહથી પરિણીત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા ૧૩ પેઢીનો ઉદ્ધાર કરે છે. ઉપરોક્ત ચારે વિવાહવડે વિવાહિત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા કાન્તિમાન્ સદાચરણશીલ અને પૂણ્ય કર્મો કરનારી થાય છે.

આ પ્રમાણે ધર્મવિધિ પૂર્વક ઉપરના ચારે વિવાહોમાંના કોઈ એક વિવાહ વિધિદ્વારા પરિણીત કન્યામાં ઉત્પન્ન થયેલી પ્રજા દીર્ઘાયુષી, ધનવાન્, યશપ્રાપ્તિ કરનાર તેમજ નીરોગી થતી હોવાથી વર્તમાન સમયમાં પણ પુનર્લગ્ન, લગ્નવિચ્છેદ આદિનાં અવિચારી આંદોલનો થવા જ પામતાં નથી પરન્તુ આપણે ત્યાં એ પવિત્ર વિવાહ વિધિઓને માન્ય રાખવામાં આવતી નથી એનું પરિણામ આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ.

ત્યાર પછીના ચાર વિવાહોથી પરિણીત કન્યામાંથી ઉત્પન્ન થયેલાં સન્તાનો ક્રૂર, અસત્ય ભાષણ કરનાર, ધર્મદ્રોહી, અને પાપાચરણ કરનારાં થાય છે.

માટે જ કન્યાના અને વરના પિતાએ વર-કન્યાના યોગ્ય ગુણ શીલની પરીક્ષા કરીને જ ઉપરકથિત ચાર વિવાહોનું શાસ્ત્રોક્ત

વિધિપૂર્વક કન્યાદાન કરવું જોઈએ કે જેથી ભાવી આપત્તિથી ઉભય પક્ષનાં સન્તાનો બચી શકે. અને પરસ્પર દૈવી પ્રેમથી જોડાઈને સંસારમાં સ્વર્ગ ઉતરી શકે.

## વર અને કન્યાનાં લક્ષણો.

વરને યોગ્ય કન્યાને પસંદ કરવાનું કાર્ય આજ કાલના યુવાનો પોતેજ લઇ બેઠા છે તેઓની માન્યતા છે કેઃ–"માતા-પિતા કન્યાને શોધવામાં ભૂલ કરે છે માટે જેની સાથે જેનાં લગ્ન થવાનાં હોય તે જ પોતાને યોગ્ય વર કે કન્યા શોધી શકે"

પરન્તુ એમાં તો ખરેખર તેઓ છેતરાઇ જાય છે. માતા-પિતાએ જાણી જોઇને કદાપિ પોતાનાં પુત્ર-કે પુત્રીને અયોગ્ય વિવાહમાં ન બાંધી દેવાં જોઈએ પરન્તુ કન્યાના પિતાએ આટલા ગુણો જોયા બાદજ પોતાની પુત્રીને આપવી યોગ્ય છેઃ-

**कुलं च शीलं च वयश्च रूपं**
**विद्यां च वित्तं च सनाथतां च ।**
**एतान् गुणान्सप्त परीक्ष्य देया**
**कन्या बुधैः शेष मचिन्तनीयम् ॥**

ઉત્તમ કૂલ, શ્રેષ્ઠ સ્વભાવ, યોગ્ય વય, સુંદર સ્વરૂપ, વિશેષ વિદ્યા, યોગ્ય દ્રવ્ય, અને યોગ્ય આધાર ભૂત વડીલો વિગેરે જોઇને જ ડાહ્યા પુરુષે પોતાની કન્યા આપવી. બાકીની વસ્તુઓ જોવા-વિચાર-વાની વિશેષ જરૂર નથી.

એજ પ્રકારે ગુણહીન, ખરાબ ભાષણ કરનારી, ક્રોધી, વ્યભિ-ચારિણી અને દુષ્ટ કૂલ-શીલ વાળી કન્યા સાથે વિવાહ સંબંધ ન જોડતાં કોમલ સ્વભાવવાળી, સુંદર, ઉત્તમ કૂલ-શીલયુકત, સુંદર

મિષ્ટ ભાષણ કરનારી અને સમજુ કન્યા સાથે જ વરના પિતાએ પોતાના પુત્રનો વિવાહ કરવો એમ શાસ્ત્રનો નિર્ણય છે.

જમાનો આજે અંધ અનુકરણનો છે, "અમુક માણસે આમ કર્યું એટલે પોતાને પણ તેમજ કરવું" એમ માનીને આજે શાસ્ત્ર વચનો પ્રત્યે ઉપેક્ષા થાય છે, પરન્તુ યુવાનોએ એ વાત પણ વિચારી લેવા જેવી હોય છે કે:-યુવાન વયમાં ઠરેલ સ્વભાવને બદલે ઉતાવળીઓ અને ધાંધલીઓ સ્વભાવ વિશેષ પ્રમાણમાં હોય છે; માટે જ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધમાતા-પિતાની સમ્મતિથી-પછી ભલે તેમાં પોતાની પણ સમ્મતિ લેવાય-પણ સમ્પૂર્ણ વિચાર પૂર્વક શાસ્ત્રાજ્ઞાને માન્ય રાખીને જ વિવાહ બંધનમાં જોડાવું જોઇએ.

# દ્વિતીય પરિચ્છેદ.

## વરકન્યાની પ્રતિજ્ઞાઓ

### પાણિગ્રહણ

વિવાહના મુખ્યત્વે પાંચ વિધિઓ વિચારવા યોગ્ય છે. ૧ પાણિગ્રહણ ૨ વિવાહ હોમ, ૩ સપ્તપદી ૪ હૃદયાલંભન અને ૫ શાસ્ત્રની વિશેષ આજ્ઞાઓ. એ પાંચેનો સંક્ષિપ્ત વિધિ અર્થસાથે આ નીચે બતાવવામાં આવે છે;-

જાન આવ્યા પછી તેજ દિવસે સાયંકાલે શુભ મુહૂર્તમાં અમુક વરપૂજનની ક્રિયાઓ થઇ રહ્યા બાદ કન્યાનો પિતા કન્યાનો હાથ પકડીને વરના હાથમાં મૂકે છે અર્થાત્ તે જ સમયથી જીવન-પર્યન્ત એને પોતાની પુત્રી સુપ્રદ કરે છે. એ વિધિને **પાણિગ્રહણ** કહેવામાં આવે છે, **पाणि** એટલે હાથ. હાથનું ગ્રહણ કરવું એટલે પાણિગ્રહણ; હસ્તમિલાપ. આજે આપણે આપણા પ્રિય સ્વજનની પ્રથમ મુલાકાતમાં હસ્તધુનન કરીએ છીએ, પાશ્ચિમાત્ય પદ્ધતિ આથી ઉલટું જતી વખતે-જુદા પડતી વખતે હસ્તધુનન કરવાનું બતાવે છે! એ પ્રેમસૂચક હસ્તમિલાપ દ્વારા વર અને કન્યા પરસ્પરની જોખમદારી સ્વીકારે છે. વર કન્યાની સમ્પૂર્ણ જવાબદારી સ્વીકારતાં બોલે છે:-

વરઃ- ૐ **गृभ्णामि ते सौभगत्वाय हस्तं।**

**मयापत्या जरदष्टिर्यथासः॥**

**भगो अर्यमा सविता पुरन्धि-**
**र्मह्यंत्वा दुर्गार्हस्पत्याय देवाः॥** (તૈત્તિરીય અગ્નિકાંડ)

અર્થાત્ "હે શુભાનને! સર્વપ્રકારના સૌભાગ્યમાટે હું તારો હસ્ત ગ્રહણ કરૂં છું. હું આજથી તને પતિભાવે પ્રાપ્ત થયો છું, તું વૃદ્ધાવસ્થા પર્યંત મારી સાથે સુખપૂર્વક રહેજે, સકલ ઐશ્વર્ય-યુક્ત, ન્યાયશીલ વિશ્વંભર પરમાત્મા અને તારાં આપ્ત-કુટુંબીજનો તારો હસ્ત મને સમર્પે છે; માટે હું તારા પ્રતિકૂલ આચરણ કદાપિ કરીશ નહી".

કન્યાઃ-તથાસ્તુ.

વરઃ- **ॐ भगस्ते हस्तमग्रभीत् सविता हस्तमग्रभीत्-**
**पत्नी त्वमसि धर्मणाऽहं गृहपतिस्तव॥**

અર્થઃ-હે ભદ્રે! સર્વજ્ઞાનમય વિશ્વનાયકે મને તારૂં સમર્પણ કર્યું છે માટે તું મારા ધર્મમાં મને પોષવા લાયક પત્ની થઇ મારી સાથે સુખી અને ચિરંજીવિની બની રહે.

કન્યાઃ-તથાસ્તુ

**વરઃ-ॐ वीरसूर्देवकामा स्योना शं नो भव.**

ઋગ્વેદ મંત્ર ૧૦-૮૫-૪૪

અર્થઃ-દેવોની આરાધના કરનારી અને ઘણા પુત્રોની જન્મદાત્રી બનીને તું આપણા સુખ-સમૃદ્ધિને પોષનારી થા.

કન્યાઃ-તથાસ્તુ.

વરઃ- **ॐ त्वष्टा वासो व्यदधाच्छुभे**
**कं बृहस्पतेः प्रशिषा कवीनाम्।**
**तेनेमां नारीं सविता भगश्च**
**सूर्यामिव परिधत्तां प्रजया॥**

અર્થ:-હે કલ્યાણી! જે જગત્પતિએ મને તારો હાથ સોંપ્યો છે તે તારૂં આધ્યાત્મિક, માનસિક અને શારીરિક પોષણ કરવા માટે મને સમર્થ કરે. તેમજ અખિલ વિશ્વનો મહાન્ નેતા તને પવિત્ર, ધર્મનિષ્ઠ, બલવાન્ અને તેજોમય વીર સંતાનોથી શોભાવે.

કન્યા:-તથાસ્તુ.

એ પ્રમાણે પાણિગ્રહણ વિધિ થયા બાદ કન્યાનો પિતા કન્યાદાનોક્ત સંકલ્પપૂર્વક અનેક વસ્ત્રાભૂષણો વર-કન્યાને દાનમાં આપે છે.

હસ્તમેલાપનના પ્રસંગે **વસ્ત્રગ્રન્થી** બાંધવામાં આવે છે. અને સૂતરની વરમાલારોપણ કરવામાં આવે છે. વસ્ત્રગ્રન્થી-છેડાછેડી બાંધવાનો ઉદ્દેશ એ છે કે:-"આજથી અમો બન્ને પરસ્પર લગ્ન-ગ્રંથીથી જોડાઇ જઇને ગૃહસ્થધર્મમાં પ્રવેશ પામીએ છીએ"

**વરમાલારોપણ**માં પણ એવો જ સુંદર-ગર્ભિત રહસ્યાર્થ સમાયેલો છે. વરકન્યા જગતને વિદિત કરે છે કે:-"આજથી અમે પરસ્પર કાચા સૂતરને તાંતણે બંધાઇએ છીએ અને આ વરમાલાના અનેક તંતુઓની માફક એક જ કાર્યમાં નહીં; પરન્તુ અનેક કાર્યોમાં એક બીજાના સુખ-દુ:ખનાં ભાગીદાર બનીએ છીએ."

વળી વરમાલા પોતે જડ હોવા છતાં ચેતન સ્વરૂપ વરકન્યાને આ પ્રમાણે સંદેશ-બોધ આપે છે:-

**મંગલ મંગલસૂત્રની વરમાલામાં વીર;**
**ગુંચવણી છે આકરી દંપતિ! ધરજો ધીર;**
**દંપતિ! ધરજો ધીર ગુંચવણ પડે અકારી,**
**માટે વદે વરમાલ રહેજો ધીરજ ધારી;**
**જેમ ફાળકો સૂત્રનો એક અખંડિત થઇ રહે,**
**વળી તોડયો તૂટે નહીં, એ લગ્નબંધન "મંગલ" કહે**

વરમાલા વર–વધૂના કંઠમાં રહીને ઉભયદંપતિને જ્ઞાનોપદેશ આપે છે કે:- "સૂતરના ફાળકામાં અનેક ગુંચવણો આવે, એ ગુંચવણોને ઉકેલવામાં ઉતાવળ કરવામાં આવે તો એ સૂત્ર તૂટી જાય. માટે સુજ્ઞ મનુષ્ય બરાબર હૃદયને શાન્ત–સ્થિર રાખીને એને ઉકેલે છે. એજ પ્રમાણે ગૃહસંસારમાં પણ જીવનયાત્રા કરતાં કરતાં અનેક ગુંચવણો ઉભી થવાની જ, છતાં દુ:ખ વખતે આકળા થશો નહીં, કોઇની સાથે બગાડશો નહીં. પરન્તુ આવેલી અકળામણોને ધૈર્ય–પૂર્વક ઉકેલજો.

## વિવાહ હોમ

વિશેષત: આપણે ત્યાં જાન આવ્યા બાદ બીજે દિવસે ચોરીનો વિધિ થાય છે કેટલાએક કુટુમ્બોમાં એ પ્રથમ દિવસે પણ થઇ જાય છે. એ વિધિમાં મુખ્યત્વે ચાર હોમ કરવાના હોય છે. ૧ રાષ્ટ્રભૃત હોમ, ૨ જયાહોમ, ૩ અભ્યાતાન હોમ, અને ૪ લાજા-હોમ. એ ચારે હોમો આપણે ત્યાં લગ્નવિધિનાં આવશ્યક અંગો છે.

**રાષ્ટ્રભૃતહોમ**ની ૧૨ આહુતિદ્વારા વરવધૂનું આરોગ્ય કાયમ રહે એવી ભાવના છે

**જયાહોમ**ની ૧૩ આહુતિઓ દ્વારા ઉભયને તેજ અને યશ પ્રાપ્ત થાય છે.

**અભ્યાતાનહોમ**ની ૧૮ આહુતિએથી ઉભય દંપતિનો વિયોગ થતો નથી; અને ઉત્તમ પ્રજા બને એવી ભાવનાકે

તેમજ **લાજા હોમ**ની ચાર આહુતિઓદ્વારા કન્યા પોતાની સંતતિ અને સમસ્ત જ્ઞાતિજનોનું કલ્યાણ ચાહે. એવા પ્રકારની ભાવના છે.

લાગ્ન હોમની શરૂઆતથી વર કન્યા આવાહિત અગ્નિની ચાર પરિક્રમા કરે છે એકેક આહુતિને અન્તે એકેક પરિક્રમણ કરાય છે તે વખતે પણ કન્યાનો જમણો હસ્ત ગ્રહણ કરીને નીચેનો મંત્ર બોલે છે: —

વર—ॐ अमोहमस्मि सा त्वं
सात्वमस्यमो अहम् ।
सा माहमस्मि ऋक् त्वं द्यौरहं
पृथिवी त्वं ता वेहि विवहावहै
सहरेतो दधावहै ॥
प्रजां प्रजनयावहै पुत्रान् विन्दावहै ।
बहून् ते सन्तु जरदष्टयः ॥
सम्प्रियौ रोचिष्णू सुमनस्यमानौ ॥
पश्येमशरदः शतं जीवेम शरदःशतं ।
शृणुयाम शरदः शतम् ॥

અર્થ:-હે ભદ્રમુખિ ! જેમ હું જ્ઞાનપૂર્વક તને ગ્રહણ કરૂં છું તેમ તું સસ્નેહ મારો સ્વીકાર કર, હું સામવેદ તુલ્ય પ્રતાપી અને પ્રશંસિત થાઉં અને તું ઋગ્વેદ તુલ્ય શાન્તિપ્રદ અને માનનીય થા; હું પોષક સૂર્ય થાઉં અને તું વ્યવસ્થાપક પૃથ્વી બન; આ પ્રમાણે આપણે પ્રસન્નતા પૂર્વક વિવાહિત થઇને ઉત્તમ સંતાનોને પ્રાપ્ત કરીએ, તે પુત્રો દીર્ઘાયુ થાય અને આપણેસર્વે પરસ્પર પ્રસન્ન રહી સદ્દવિચાર અને સત્કાર્યમાં નિમગ્ન થઈ સો વર્ષ સુધી સન્માર્ગ-માં પ્રવૃત્ત જીવન ગાળીએ, તેમજ સો વર્ષ સુધી સત્ય અને પ્રિય વચન સાંભળી શકીએ.

## સપ્તપદી પ્રતિજ્ઞા

શાસ્ત્રકારોનું વચન છે કે ઉત્તમ (સજ્જન) ની સાથે સાત ડગલાં ચાલવાથી ઉચ્ચ મૈત્રી (ઉત્કૃષ્ટ પ્રીતિ) બંધાઈ શકે છે, મધ્યમ પ્રકારના મનુષ્યની સાથે એક હજાર ડગલાં ચાલવાથી મૈત્રી બંધાય છે અને અધમ (દુર્જન) મનુષ્યની સાથે જીવનપર્યંત રહેવાથી પણ પ્રીતિ સમ્પાદન થઇ શકતી નથી.

કદાચ ઉપરોક્ત શાસ્ત્રવાક્યને અનુસરીને જ આપણે ત્યાં લગ્નવિધિમાં સપ્તપદીનાં સાત જ ડગલાંની "**सप्तपदाक्रमण**" વિધિને વિશેષ મહત્ત્વ અપાયેલું હોય. જ્યાં સુધી સપ્તપદીની પ્રતિજ્ઞાઓ થઇ ન હોય ત્યાં સુધી કન્યા અવિવાહિતા મનાય છે, અને સપ્તપદી થઇ ગયા બાદ તેને વધૂની ઉપમા પ્રાપ્ત થાય છે.

આપણે ત્યાં એ સપ્તપદીની વિશુદ્ધ ભાવનાઓ છે ખરી, પરન્તુ માત્ર ગોરબાપાઓના શાસ્ત્રગ્રન્થોમાંજ; અથવા વરવધૂને બદલે સ્વયં ગોરલોકો એને બોલી જવામાં જ એની સાર્થકતા માને છે. વર-કન્યા કે ઉભય પક્ષના આપ્તજનોને પણ એ પ્રતિજ્ઞાની ભાવનાઓથી અજ્ઞાત રાખવામાં આવે છે !!

નીચે દર્શાવેલી સાતે પ્રતિજ્ઞાઓમાં, હોમમંત્રોમાં તેમજ લગ્નના અન્ય વિધિમાં વર-વધૂનાં મન, વાણી અને હૃદયને એક જ ગ્રન્થીવડે બંધાવાનો મુખ્ય હેતુ સમાયેલો છે, એ બન્ને વ્યક્તિઓનો આધ્યાત્મિક વિકાસ થાય એ હેતુ આપત્કાલના ધર્મની માફક આજે ભૂલી જવામાં આવ્યો છે એ ઓછા ખેદની વાત નથી. **લગ્ન એ કેવલ પ્રજોત્પત્તિ માટે જ નહીં; પરન્તુ બે આત્માના આધ્યાત્મિક વિકાસ માટે હોવું જોઇએ, લગ્ન એ એક દીક્ષા છે. સંયમનો સનાતન માર્ગ છે, અને એક પત્નીવ્રત ધારણ કરીને જીવનના અન્તિમલક્ષ્ય-ધર્મ-અને મોક્ષ**

**પ્રાપ્ત કરવાના સરલ સાધન સ્વરૂપે છે.** ગૃહસ્થધર્માનુકૂલ સાધનોદ્વારા વિષયસુખને ગૌણ રાખી આધ્યાત્મિક દૈવી સુખ સ્વરૂપ જીવન સાફલ્ય માટે જ એ વિવાહબંધનનો સ્વીકાર કરવાની શાસ્ત્રાજ્ઞા છે. ગોસ્વામી શ્રી તુલસીદાસજી પણ એ જીવનસાફલ્યની અંતિમ ચાવી બતાવી ગયા છેઃ-

**इह तनु कर फल विषय न भाई।**
**स्वर्गहु स्वल्प अन्त दुखदायी ॥**
**नर तनु पाइ त्रिषय मन देही**
**पलटी सुधा ते त्रिष मन लेही ॥**

અર્થાત્ હે ભાઇ ! આ અમૂલ્ય માનવતનનું ફલ માત્ર વિષય સુખજ નથી; માનવ શરીર ધારણ કરીને જે કેવલ વિષય સુખમાંજ રચ્યો પચ્યો રહે છે તે અમૃતને બદલે હળાહળ વિષને ગ્રહણ કરે છે.

આટલું સમજી લીધા બાદ જ લગ્નની વિશુદ્ધ અને આદર્શ પ્રતિજ્ઞાઓ સમજવી આવશ્યક છે. પરન્તુ પ્રત્યેક લગ્નવાંચ્છુઓએ એ ખાસ ખ્યાલમાં રાખવાનું છે કેઃ-**કોઇ પણ પ્રતિજ્ઞા લેવી સહેલ છે પરન્તુ નિભાવવી મુશ્કેલ છે,** જે કાંઈ કરવું તે સમજીને જ કરવું; પ્રતિજ્ઞા લીધા બાદ વિચાર કરવા કરતાં પ્રથમથીજ એ સંબંધે સંપૂર્ણ વિચાર કરવો આવશ્યક છે. અસ્તુ

વર-કન્યાની સપ્તપદી પ્રતિજ્ઞાઓ લેવડાવતી વખતે પ્રથમ સમાચલ (સાત પર્વતો)નું પૂજન કરાવવામાં આવે છે એનો હેતુ એ છે કેઃ-ઉભય દંપતિએ પર્વત સમાન સ્થિર અને દૃઢચિત્ત રહીને સંસારમાં વિચરવાનું છે; ગમે તેવા કષ્ટમાં પણ પર્વતની માફક અડગ રહીને આવેલાં કષ્ટોને સહન કરવાનાં છે.

ત્યાર બાદ સપ્તપદીની શરૂઆત થાય છે.

સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, વૃદ્ધજનો અને આવાહિત દેવોની સમક્ષ આ પ્રતિજ્ઞાઓ લેવાય છે.

## પ્રથમા પ્રતિજ્ઞા ૧

**કન્યા— तीर्थव्रतोद्यापन यज्ञदानं ।**
**मया सह त्वं यदि कान्त कुर्याः ॥**
**वामाङ्गमायामि तदा त्वदीयं ।**
**जगाद वाक्यं प्रथमं कुमारी ॥१॥**

પ્રથમ પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કે:-"હે કાન્ત ! આપ મારી સાથે જો તીર્થ, વ્રત, તેનાં ઉદ્યાપન અને યજ્ઞ-દાનો કરો તો હું આપના વામાંગ-એક અંગને-પ્રાપ્ત થાઉં; અથાત્ આપની અર્ધાંગના બનું"-૧

**વરઃ- ॐ एकमिषे विष्णुस्त्वानयतु ॥ १ ॥**

પ્રથમ પગલે વર કહે છે કે:- "હે સ્ત્રિ ! પ્રથમ પગલે ભગવાન્ વિષ્ણુ તારા માટે અન્નાદિ તમામ વ્યવસ્થા કરો, હું તારા વાકયનો અંગીકાર કરૂં છું " ૧

વરને પ્રથમ પ્રતિજ્ઞામાં સ્થિર જોઇને કન્યા નીચેનું વાકય બોલીને પ્રથમ પગલું ભરે છે.

**કન્યા—सुखदुःखानि सर्वाणि विभज्यन्ते त्वया सह ।**
**यत्र त्वं तदहं तत्र प्रथमे सा ब्रवीदिदम् ॥१॥**

કન્યા કહે છે કે "હે નાથ ! મારાં તમામ પ્રકારનાં સુખ-દુઃખોનો વિભાગ આપની સાથેજ છે, જ્યાં આપ ત્યાં હું" એમ કન્યા પ્રથમ પગલે પ્રતિજ્ઞા કરે છે. ૧

## દ્વિતીયા પ્રતિજ્ઞા ૨

કન્યાઃ—

**हव्यप्रदानैरमरान्पितॄंश्च कव्यप्रदानैर्यदि पूजयेथाः ।**
**वामाङ्गमायामि तदा त्वदीयं जगद् कन्यावचनं द्वितीयम् ॥**

દ્વિતીય પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કેઃ–"હે કાન્ત ! હવ્ય પ્રદાનો વડે દેવતાઓને અને કવ્ય પ્રદાનોવડે પિતૃઓને જો આપ પૂજો તો હું તમારા વામાંગને પ્રાપ્ત થાઉં"–૨

**વર—ॐ ह्रे ऊर्ज्जे विष्णुस्त्वानयतु ॥२॥**

દ્વિતીય પગલે વર કહે છે કેઃ-"હે સ્ત્રિ ! બીજે પગલે ભગવાન્ વિષ્ણુ તને શારીરિક અને આધ્યાત્મિક બલ આપો – હું તારા વાક્યનો સ્વીકાર કરૂં છું"–૨

દ્વિતીય પ્રતિજ્ઞામાં વરની દ્રઢતા જોઈને કન્યા નીચેનું વાક્ય બોલીને બીજું પગલું ભરે છેઃ–

**કન્યા-कुटुम्बं रक्षयिष्यामि आबालवृद्धकादिकम् ।**
**अस्ति नास्तीतिदक्ष्यामि द्वितीयेसाऽब्रवीदिदम् ॥२**

કન્યા કહે છે કેઃ–"હે નાથ ! બાલકથી લઇને વૃદ્ધપર્યન્તના સમસ્ત કુટુમ્બની હું સેવા કરીશ, ઘરમાં અમુક વસ્તુ છે કે નહીં ? એ પણ હું જોતી રહીશ" એમ કન્યા દ્વિતીય પગલું ભરતી વખતે પ્રતિજ્ઞા કરે છે. ૨

## તૃતીયા પ્રતિજ્ઞા ૩

**કન્યા—कुटुम्बरक्षाभरणे यदि त्वं कुर्याः पशूनां परिपालनंच ।**
**वामाङ्गमायामि तदात्वदीयं जगाद् कन्यावचनं तृतीयम् ॥३॥**

તૃતીય પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કે:–'હે કાન્ત! જો તમે કુટુમ્બની રક્ષા અને પોષણ કરો, તેમજ પશુઓનું પાલન કરો તો હું આપના વામાંગને પ્રાપ્ત થાઉ"—૩

**વર—ॐ त्रीणि रायस्पोषाय विष्णुस्त्वानयतु ॥३॥**

તૃતીય પગલે વર કહે છે કે:- "હે પ્રિયે! ત્રીજે પગલે ભગવાન્ વિષ્ણુ તને ધન સમ્પત્તિ આપે. હું તારા વાક્યનો સત્કાર કરૂં છું"—૩

તૃતીયા પ્રતિજ્ઞામાં વરને સ્થિર થએલો જોઈને કન્યા નીચેનો શ્લોક બોલીને ત્રીજું પગલું ભરે છે:—

**કન્યા—भर्तृभक्तिरता नित्यं सदैव प्रियभाषिणी ।**
**भविष्यामि पदे चैव तृतीये साऽब्रवीदिदम् ॥३**

કન્યા કહે છે કે:–'હે પતિ! હું નિત્ય આપની ભક્તિમાં પ્રીતિવાળી અને મધુર–અનુકૂલ વચનો બોલનારી થઈશ" એમ કન્યા તૃતીય પગલું ભરતી વખતે પ્રતિજ્ઞા કરે છે ૩

**ચતુર્થીપ્રતિજ્ઞા ૪**

**કન્યા—आयव्ययौ धान्य धनादिकानां ।**
**पृष्ट्वा निवेशं प्रग्रहं विदध्याः ॥**
**वामाङ्ग मायामि तदा त्वदीयं**
**जगाद कन्या वचनं तुरीयम् ॥४॥**

ચોથું પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કે–" હે પ્રિય! ધન તેમજ ધાન્ય રાખવાનાં સ્થાન પૂછીને આપ ધનધાન્યાદિનો સંગ્રહ કરો તો હું આપના વામાંગને પ્રાપ્ત થાઉ".

**વર—ॐ चत्वारि मां यो भवाय विष्णुस्त्वानयतु ॥४॥**

ચતુર્થ પગલે વર કહે છે કેઃ–" હે પ્રિયતમે ! ચોથું પગલું ભરતાં ભગવાન્ વિષ્ણુ તને પુત્ર–પૌત્રાદિનું સુખ આપો–આપશે, હું તારા વાક્યને માન્ય રાખું છું." ૪

ચતુર્થ પ્રતિજ્ઞામાં વરની દઢતા જોઇને કન્યા નીચેના શ્લોકના ઉચ્ચાર પૂર્વક ચોથું પગલું ભરે છેઃ–

**કન્યા—आर्ते त्वार्त्ता भविष्यामि सुखदु:ख सभाग्गिनी ।**
**तवाज्ञां पालयिष्यामि कन्या तुर्यपदेऽब्रवीत् ॥४॥**

કન્યા કહે છે કેઃ– " હે નાથ ! આપ દુઃખી થતાં હું પણ દુઃખી થઈશ, તેમજ આપના સુખ–દુઃખમાં સમાન ભાગવાળી રહીને હું આપની આજ્ઞાનું પાલન કરીશ " એમ કન્યા ચતુર્થ પગલું ભરતાં પ્રતિજ્ઞા લે છે. ૪

**પંચમા પ્રતિજ્ઞા ૫**

**કન્યા—देवालयारामतडागकूप वापिर्विदध्या यदि पूजयेथाः ।**
**वामाङ्गमायामि तदात्वदीयं जगाद कन्यावचनं च पञ्चमम् ॥५॥**

પાંચમું પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કે–"હે પ્રાણેશ ! આપ શક્તિ અનુસાર જો દેવમંદિરો, આરામો, તળાવો, કૂવાઓ, વિગેરે બનાવો અને તેનો સત્કાર કરો તો હું આપના વામાંગને પ્રાપ્ત થાઉં "—૫

**વર—ॐ पञ्च पशुभ्यो विष्णुस्त्वानयतु ॥५॥**

પંચમ પગલે વર કહે છે કેઃ– હે હૃદયેશ્વરી ! પાંચમું પગલું ભરતાં ભગવાન્ વિષ્ણું તને ગાય–આદિ પશુઓનું સુખ આપો–હું તારા વચનનો સ્વીકાર કરૂં છું. ૫

પંચમ પ્રતિજ્ઞામાં પણ પતિની અનુકૂલતા જોઇને કન્યા નીચેના શ્લોકનાં ઉચ્ચારણ પૂર્વક પાંચમું પગલું ભરે છેઃ—

**કન્યા—दुःखे धीरा सुखे हृष्टा वाङ्मनः काय कर्मभिः ।**
**तवाज्ञां पालयिष्यामि पञ्चमे साऽब्रवीद्वरम् ॥५॥**

કન્યા કહે છે કે– "હે પ્રાણેશ ! દુઃખમાં ધીરજ રાખનારી અને સુખમાં પ્રસન્ન થનારી હું મન વાણી અને શરીરવડે આપની આજ્ઞાનું પાલન કરીશ" એમ પંચમ પગલું ભરતાં કન્યા પ્રતિજ્ઞા લે છે. ૫

**ષષ્ઠા પ્રતિજ્ઞા ૬**

**કન્યા—देशान्तरे वा स्वपुरान्तरे वा ।**
**यदा विदध्याः क्रयविक्रयं त्वम् ।**
**वामाङ्गमायामि तदा त्वदीयं**
**जगाद कन्या वचनं च षष्ठम् ॥**

છઠ્ઠુ પગલું ભરતાં પહેલાં કન્યા કહે છે કે:-"હે કાન્ત ! પરદેશમાં અથવા સ્વદેશમાં આપ મારા સાથે રહીને આજીવિકા-વૃત્તિને ચલાવો તો હું આપના વામાંગને પ્રાપ્ત થાઉ"-૬

**વરઃ—ॐषड्ऋतुभ्यो विष्णुस्त्वानयतु ॥६॥**

છટ્ઠે પગલે વર કહે છે કે:- "હે પ્રિયતમે ! છઠ્ઠું પગલું ભરતાં ભગવાન્ વિષ્ણુ તને શારીરિક આરોગ્ય અને યોગ્ય સમૃદ્ધિ આદિ છએ ઋતુનાં સુખો ભોગવવા જેટલી અનુકૂલતા આપો, હું તારા વચનનો સહર્ષ સ્વીકાર કરૂં છું." ૬

છઠ્ઠી પ્રતિજ્ઞામાં સ્વપતિને દઢ બનેલા જોઇને નીચેના શ્લોકના ઉચ્ચારણપૂર્વક કન્યા છઠ્ઠું પગલું ભરે છેઃ-

કન્યા—

**यत्र त्वं वा अहं तत्र नाऽहं वञ्चे प्रियं क्वचित् ।**
**नाऽहंप्रियेण वञ्च्या हि कन्या षष्ठे पदेऽब्रवीत् ॥६॥**

કન્યા કહે છે કેઃ- " હે પ્રિયતમ સુહૃદ્ ! જ્યાં આપ હશો ત્યા જ હું રહીશ, હું મારા પ્રિય (સાસૂ, સસરા, દીયર, જેઠ, આદિ કૌટુમ્બિક વર્ગ)ને છેતરીશ નહીં, તેમજ હું મારા પ્રિય (સ્વામી)થી છેતરાઇશ નહી" એમ છઠું પગલું ભરતાં કન્યા પ્રતિજ્ઞા લે છે. ૬

## સપ્તમા પ્રતિજ્ઞા ૭

**કન્યા—न सेवनीया परपारकीया ।**
**त्वया भवोद्भाविनि कामिनी ते ॥**
**वामाङ्गमायामि तदा त्वदीयं ।**
**जगाद कन्या वचनं च सप्तमम् ॥७॥**

કન્યા કહે છે કેઃ-"હે સખે ! મારા સિવાય અન્ય કોઈ પણ પરકીયા સ્ત્રીનું સેવન કોઈ પણ દિવસ આપે ન કરવું; તો હું આપના વામાંગને પ્રાપ્ત થાઉં" ૭

**વર—सखे सप्तपदाभव विष्णुस्त्वानयतु ॥७॥**

સાતમે પગલે વર કહે છે કેઃ- " હે સમભાગિની મિત્રસ્વરૂપી સ્ત્રિ ! હવે તું સાતમું પગલું ભર; તું સદા મને અનુસરજે; મન, વચન, અને શરીર સાથે શુદ્ધ હૃદયથી હું તારા વાક્યને અનુસરૂં છું."

સાતમી પ્રતિજ્ઞામાં પણ પોતાના કાન્તને સંપૂર્ણ સમ્મતિ આપનારા જોઇને કન્યા સપ્તમ પગલું ભરતી વખતે પ્રતિજ્ઞા કરે છેઃ-

**કન્યાઃ—सर्वेऽत्र साक्षिणस्त्वं मे पतिर्भूतोऽसिसाम्प्रतम्।**
**देहो मयाऽर्पित स्तुभ्यं सप्तमे साऽब्रवीद्वरम् ॥७॥**

કન્યા કહે છે કેઃ—"હે હૃદયનાથ! અહીં આ વિવાહ પ્રસંગે ઉપસ્થિત થયેલા અગ્નિદેવ, બ્રાહ્મણ અને મારાં માતા-પિતાદિ સમસ્ત કુટુમ્બી જનો તેમજ સમ્બન્ધીવર્ગના સાક્ષીપણામાં તમે મારા સ્વામી થયા છો, તેમજ મેં મારો દેહ આપને અર્પણ કર્યો છે, હવેથી મારા મન અને હૃદય સહિત શરીરના આપજ પતિ છો એમ કન્યા સાતમું પગલું ભરતાં પ્રતિજ્ઞા કરે છે. ૭

સપ્તપદી માટે અનેક કવિઓએ નવીન કવિતાઓ રચેલી છે જેમાંથી એક કવિતા સાધારણ ગુજરાતી જનતાને બોધક બને એ માટે અહીં મૂકવી યોગ્ય જણાય છે.

**વરઃ—સહચારિણી તું જ છો સુખદુઃખમાં સંસાર;**
**જતન કરી હું જાળવીશ ગુણીયલ એ ગૃહનાર-૧**
**કન્યાઃ-મુજ જીવનના દોર છો ભવસાગરના નાવ!;**
**સ્નેહ થકી હું સાચવી લઇશ અનુપમ લ્હાવ-૧**
**વરઃ—કુટુમ્બપોષક માનિની! ગૃહિણી સુશીલ નાર;**
**ઉત્તમ મિત્ર ગણી તને ઉતરીશ હું ભવપાર-૨**
**કન્યાઃ-પૃથ્વીપરના મુજ પ્રભુ! સ્વામી સાચા દેવ;**
**શાન્તિ-સ્નેહનાં સુમનથી કરીશ નિત્ય હું સેવ-૨**
**વરઃ—વફાદારીને સત્યનો પઢીશ અહર્નિશ પાઠ;**
**પત્નીવ્રત પાળી રહું જન્મ મરણની સાથ-૩**
**કન્યાઃ-પતિવ્રતાના ધર્મનો સજી સહુ શૃંગાર;**
**સદ્‌ગુણ આભૂષણ ધરી વિચરિશ હું સંસાર-૩**

વર--લગ્ન તણા શુભ હેતુનું ધરી હમેશાં ધ્યાન;
પ્રસન્ન રહીને સર્વદા કરીશ સ્નેહ સન્માન-૪

કન્યા:-વેલ સમી વળગી રહી નાથ વૃક્ષની સાથ;
સુખદુ:ખમાં સંતોષથી ધરી નાથ સંગાથ-૪

વર:—કલેશ સદા કડવો કરી ભૂલી સઘળા દોષ;
સંપ-શાન્તિથી ચાલશું તજી હૃદયના રોષ-૫

કન્યા:-નોકર ચાકર સર્વથી ઉત્તમ વર્તન સાર;
પતિકૃપાથી પામશું શિક્ષણ સૌ સંસાર-૫

વર:—ક્ષમા-દયા ને પ્રેમનો જપીશ જાપ દિન-રાત;
સુંદરી ! સ્નેહે વિચરશું રહી પરસ્પર સાથ-૬

કન્યા:-હૃદય મંદીરે સર્વદા ધરી નાથનું ધ્યાન;
મનસા, વાચ્યા, કર્મણા બની રહીશ નિષ્કામ-૬

વર:—એક બીજાની ન્યૂનતા પૂર્ણ કરીશું સાથ;
વિકાસક્રમના માર્ગમાં દંપતિ રહી સંગાથ-૭

કન્યા:-બે પાંખોથી ઊડશું વિશ્વવ્યોમ મોઝાર;
જન્મે જન્મ મળો પ્રભો ! આપ મને ભર્તાર-૭

પ્રેમી પાઠક પાઠિકાઓ ! વાંચી આ સપ્તપદીની દિવ્ય-અલૌકિક ભાવનાઓ ? જોયું આ કલિયુગમાં સત્ય-યુગની ઝાંખી કરાવતું ભાવનાચિત્ર ? આર્ય સંતાન કહેવડાવવા ઇચ્છનાર પ્રત્યેક યુગલે આ પ્રતિજ્ઞાઓનું મન, વચન અને શરીરદ્વારા પાલન કરવું જોઇએ. એકેક પ્રતિજ્ઞા એ દંપતિને સ્નેહ બંધનમાં ઝકડી રાખવાનો મહામંત્ર છે, માટેજ આપણે નિશ્ચય સમજવું જોઇએ કે ભગવાન્ શાંડિલ્ય, અત્રિ, ભરદ્વાજ અને એવાજ અન્ય મહર્ષિ બ્રાહ્મણનાં સન્તાનો, રઘુ, દિલીપ,

શાન્તનુ અને મહાજ્ઞાની ભરત તથા અન્ય ધર્મનિષ્ઠ ક્ષત્રિયનાં સંતાનો તેમજ સ્વધર્મ કર્મમાં કુશલ વૈશ્ય સંતાનોનાં લગ્ન એ વિષય સુખની કોઈ સંસ્થા નથી, contract નથી પરન્તુ લગ્નની દિવ્ય અલૌકિક ભાવનાઓમાં એ રહસ્ય છે કે:—લગ્ન દ્વારા–જીવમાંથી શિવ બની શકાય છે, જનમાંથી જનાર્દન થઈ શકાય છે અને આત્મામાંથી દિવ્યાત્મા બનીને પરમાત્મપ્રાપ્તિ કરી શકાય છે.

**હૃદયાલંભન**

ત્યાર પછીની વિવાહની મુખ્ય ક્રિયાઓમાં મહત્ત્વની ક્રિયા હૃદયાલંભનની આવે છે એમાં પ્રતિજ્ઞાદ્વારા પત્નીની અનુકૂલતા પ્રાપ્ત થયા પછી પત્નીના જમણા ખભાને સ્પર્શ કરીને વર નીચેના મંત્રો બોલે છે.

**मम व्रते ते हृदयं दधामि ॥** " હે સ્ત્રી ! ગૃહસ્થ તરીકે મેં ધારણ કરેલા મારા વ્રતમાં મારી માનવજીવનની મહાયાત્રામાં હું તારા હૃદયને ધારણ કરીશ."

૨ **ममचित्तमनुचित्तं तेऽस्तु ॥** "હે સ્ત્રી ! તારૂં ચિત્ત મારા ચિત્તને અનુકૂલ-અનુસરનારૂં થાઓ; મારો અને તારો પરસ્પર કદિ પણ વિરોધ ન થાઓ"

३ **मम वाचमेकमना जुषस्व** "હે સ્ત્રી ! મારી વાણીનું અને મારા મનનું તું સેવન કરજે; અર્થાત્ મારા મન અને વાણીને તું અનુસરજે."

૪ **प्रजापतिस्त्वा वियुनक्तु मह्यम्** " તારામાં કોઈપણ પ્રકારની ન્યૂનતા હોય તે ન્યૂનતા એ ભગવાન્ પ્રજાપતિ (બ્રહ્મા) પૂર્ણ કરીને તને મારા યોગ્ય બનાવો–બનાવશે.

ઉપરોક્ત વિધિ માટેના મંત્રો પણ એજ સૂચવે છે કે:- વર-વધૂની એકતા સાધવામાં આ વિધિ પણ આવશ્યક ઉમેરો કરે છે.

## કંસાર ભોજન

સપ્તપદીની વિશુદ્ધ ભાવનાઓવડે પરસ્પર સ્નેહબંધનમાં બંધાયા બાદ વર–કન્યાને કંસાર પીરસવામાં આવે છે, ખરી રીતે તે યજ્ઞ–હોમમાંથી વધેલું હવિષ્યાન્ન પ્રસાદી સ્વરૂપે વર–કન્યાને જમવાનું હોય છે, આપણે ત્યાં કેટલીક વાર માંગલીક પ્રસંગે અથવા આનંદ પ્રદર્શિત કરવા માટે પ્રીતિભોજનો ગોઠવાય છે એના કરતાં અનેક રહસ્યવાળું વર–કન્યાનું પ્રીતિ ભોજન આ કંસારભોજનને કહીએ તો ચાલે. આ વિધિમાં પ્રથમ વરે કન્યાને અને પછી કન્યાએ વરને એ અનુક્રમથી ચાર ચાર ગ્રાસ જમાડવાના હોય છે, એ પણ પરસ્પર અભિન્નભાવનું સૂચક છે. પરવર્ણના કે પરજ્ઞાતિના મનુષ્યો એકજ પાત્રમાં ભોજન કરી ન શકે. શાસ્ત્રો એ માટે મનાઈ સૂચવે છે. પરન્તુ સ્ત્રી અને પુરુષ એક પાત્રમાં ભોજન કરી શકે. માટે જ પતિ–પત્નીનો પ્રેમ અવિચ્છન્ન–અજોડ અને અટલ છે, પ્રથક્પણાને એમાં સ્થાન જ નથી.

વર કન્યાએ પરસ્પર આપવાના એ ગ્રાસને નીચેના મંત્રો ભણીને આપવાની શાસ્ત્રાજ્ઞા છેઃ–

૧ **प्राणैस्ते प्राणान्सन्दधामि ॥** હું મારા પ્રાણો સાથે તારા પ્રાણોનું અનુસંધાન કરૂં છું. ૧

૨ **अस्थिभिरस्थीनि ते सन्दधामि ॥** હું મારાં અસ્થિ (હાડકાંઓ) નું તારાં અસ્થિઓ સાથે અનુસંધાન કરૂં છું ૨

૬ **मांसैस्ते मांसानि सन्दधामि ॥** હું મારા માંસની સાથે તારા માંસનું અનુસંધાન કરૂં છું. ૩

૪ **त्वचा ते त्वचं सन्दधामि ॥** હું મારી ત્વચા (ચામડી) સાથે તારી ત્વચાનું અનુસંધાન કરૂં છું.

વર કન્યાને ઉપરના મંત્રો ભણીને ચાર ગ્રાસ જમાડી રહ્યા બાદ ઉપરના જ મંત્રો ભણીને કન્યા વરને જમાડે છે.

આપણે ત્યાં આજે રાજ્યની અને રાજ્યના પોલીસની આજ્ઞાને માન્ય રાખવા સૌ તૈયાર છે, દેશ, જાતિ કે સમાજના નેતાની આજ્ઞાને શિરસાવંદ્ય ગણવા માટે કોઈ ઈન્કાર કરતું નથી પરંતુ "શાસ્ત્ર" શબ્દને સાંભળતાં પણ ઘણાઓના પ્રાણ મળી જાય છે તેઓ ગપ્પાષ્ટક માનીને શાસ્ત્રોનો અનાદાર કરે છે અપૂજ્યનું પૂજન કરીને પૂજ્ય (પૂજા કરવા યોગ્ય) નો અનાદર કરે છે.

ભગવાન્ મનુ તેનું પરિણામ (Judgement) માત્ર એકજ શ્લોકથી બતાવી આપે છે:—

**अपूज्या यत्र पूज्यन्ते पूज्यानां च व्यतिक्रमः**
**त्रीणि तत्र भविष्यन्ति दारिद्र्यं मरणं भयम् ॥**

અર્થ:-જ્યાં અપૂજ્યનું પૂજન થાય છે અને પૂજ્ય-પૂજવા-યોગ્યનો અનાદર થાય છે ત્યાં દારિદ્ર્ય, મરણ અને અનેક પ્રકારના ભય ઉત્પન્ન થાય છે.

દેખતા મનુષ્યને એ બધું ચોક્કસ દેખાય છે; પરન્તુ અનર્થકારક પરિણામ સામેજ હોવા છતાં ધન અને સત્તાના મદમાં અંધ બનેલા માનવોને એ છતી આંખે પણ દષ્ટિગોચર થતું નથી. અસ્તુ.

ત્યાર બાદ ચાર સૌભાગ્યવતી સ્ત્રીઓ વર કન્યાને સૌભાગ્ય આપવા આવે છે અને ઇન્દ્ર-ઇન્દ્રાણીની, બ્રહ્માસાવિત્રીની, ઇશ્વરપાર્વતીની તેમજ કૃષ્ણ રુક્મિણીની એમ સૌભાગ્ય આપે છે આવી રીતે વર અને કન્યા ઉભય દંપતિનું સંપૂર્ણ સૌભાગ્ય આપ્તજનો તરફથી ઇચ્છવામાં આવે છે.

## શાસ્ત્રની વિશેષ આજ્ઞાઓ

ત્યાર બાદ વર અને કન્યાને **સૂર્યદર્શન** તથા **ધ્રુવદર્શન** કરવાની આજ્ઞા છે અને તે પછી લગ્ન કરાવનાર આચાર્ય તરફથી વર–વધૂને યશ, ધર્મ અને આરોગ્યની પ્રાપ્તિ માટે નીચે મુજબની શાસ્ત્રાજ્ઞાઓ સંભળાવવામાં આવે છે:—

**विवाहादारभ्य त्रिरात्रं अक्षारलवणाशिनौ स्यातम्॥१॥**

અર્થ:- તમો બન્ને વિવાહથી લઈને ત્રણ રાત્રી પર્યન્ત ક્ષારયુક્ત પદાર્થો ખાશો નહીં ૧

**अधः खट्वारहिते भूभागे आस्तृते शयीयातां त्रिरात्रकम्॥**

અર્થ:- વિવાહથી લઇને ત્રણ રાત્રી પર્યન્ત ઉભય દંપતિ ભૂમિશયન કરજો. ૨

**संवत्सरं समग्रं मिथुनं नोपेयाताम् ॥३॥**

અર્થ:- તમો બન્ને વિવાહથી લઈને એક વર્ષ પર્યન્ત સંયમી બનજો. ૩

**( द्वादशरात्रं षड्रात्रं त्रिरात्रं चेति विकल्पः । )**

(અર્થ:- ઉપરની ત્રીજી આજ્ઞામાં શક્તિ અનુસાર બાર માસ, બાર રાત્રી, છ રાત્રી અથવા છેવટ ત્રણ રાત્રી પર્યન્તનો સંયમી રહેવા માટેની આજ્ઞાનો વિકલ્પ છે )

ત્યારબાદ એકલા વરને પાળવાની આજ્ઞાઓ બતાવે છે:—

**पर स्त्रीं न गच्छेत् ॥ ४ ॥**

અર્થઃ- પરદારાનો સંગ કદાપિ કરવો નહીં. ૪

**ऋतौ भार्यामुपेयात् ॥ ५ ॥**

અર્થઃ- ઋતુકાલમાં જ સ્ત્રી સમાગમ કરવો.

**स्वकीयां पर्वसु न उपेयात् ॥ ६ ॥**

અર્થઃ-એકાદશી, ચતુર્દશી, વ્રત, અને શ્રાદ્ધાદિ પર્વતિથિઓમાં સ્ત્રીસંગ કરવો નહીં. ૬

ઉપરની શાસ્ત્રાજ્ઞાઓના પ્રત્યુત્તરમાં વરકન્યાએ **अस्तु** કહેવાનું હોય છે, અર્થાત્ એ **આજ્ઞા અનુસાર વર્તવાનું હોય છે.**



# તૃતીયપરિચ્છેદ

## સદુપદેશક શિક્ષણ.

### વર કન્યાને વિદાય

ત્યારપછી કુલમર્યાદાનુસાર ત્રણ ચાર કે પાંચ દિવસ રોકાઇને વર-કન્યા સહિત જાનને વિદાય અપાય છે. તે વખતે આચાર્ય, ગુરુ, માતાપિતા આદિ વૃદ્ધો તેમજ બ્રાહ્મણોને નમસ્કાર કરીને વર-વધૂને વિદાય આપવામાં આવે છે. તે સમયે કન્યાના પિતા વરના પિતા પ્રત્યે નીચેનો મંત્ર બોલીને પોતાની કન્યાને સોંપે છે:—

**अष्टवर्षा इयं कन्या पुत्रवत् पालिता मया ।**
**इदानीं तवपुत्राय दत्ता स्नेहेन पालय ॥**

અર્થ:- આ આઠ વર્ષની મારી પુત્રીનું મારા પુત્ર તુલ્ય માનીને મેં પાલન કર્યું છે હું તેને આપના પુત્ર માટે પત્ની તરીકે સોંપું છું. આપ તેનું સ્નેહપૂર્વક પુત્રીની માફક પાલન કરજો.

ત્યારબાદ કન્યાની માતા વરની માતા પ્રત્યે નીચેનો મંત્ર બોલીને પોતાની કન્યાને સોંપે છે:—

**अस्मादि सुहृद्बन्धून् त्यक्त्वाऽऽयाति भवद्गृहम् ।**
**अतिस्नेहेन मातेव कन्यां मे परिपालय ॥**

અર્થ:- હે વરનાં માતુશ્રી! સગાં વહાલાં સહિત અમારો ત્યાગ કરીને અમારી આ પુત્રી આપને ત્યાં પુત્રવધૂ તરીકે આવે છે માટે આપ તેને પુત્રી સમાન માનીને પાલન કરજો.

ત્યાર પછી કન્યાનાં માતા-પિતા વર પ્રત્યે નીચેનો મંત્ર ભણીને પોતાની કન્યાને સોંપે છે.

**इयं कन्या मया दत्ता पुत्रपौत्रविवर्धिनी ।**
**स्वदेशे परदेशे वा विधिवत् परिपालय ॥**

અર્થઃ- પુત્ર-પૌત્રાદિની અભિવૃદ્ધિ કરનારી મારી સુશીલ કન્યા મેં આપને અર્પણ કરી છે; આપ સ્વદેશમાં કે પરદેશમાં (જ્યાં રહો ત્યાં) વિધિપૂર્વક એનું પાલન કરજો.

વર-કન્યાને વિદાય આપવાનો પ્રસંગ જેટલો શુભ અને પ્રેમપૂર્ણ છે એટલોજ કરુણ છે, સ્થિતપ્રજ્ઞ મહાત્મા કણ્વ મુનિની વ્હાલી અને પાલિતા પુત્રી શકુન્તલાને એ જ પ્રમાણે વિદાય આપતી વખતે કણ્વ મુનીનું હૃદય ભરાઈ આવે છે.

ઉપરોક્ત પ્રસંગને અનુલક્ષીને મહાત્મા કણ્વ મુનિના અંતઃકરણના તલસ્પર્શી વિચારો દર્શાવતાં મહાકવિ કાલીદાસ એનુ વર્ણન કરે છેઃ—

**यास्यत्यद्य शकुन्तलेति हृदयं संस्पृष्टमुत्कण्ठया ।**
**कण्ठः स्तम्भित बाष्पवृत्तिकलुषश्चिन्ता जडं दर्शनम् ॥**
**वैक्लव्यं ममतावदीदृशमिदं स्नेहादरण्यौकसः ।**
**पीड्यन्ते गृहिणः कथं न तनयाविश्लेष दुःखैर्नवैः ॥१॥**

કણ્વમુનિ કહે છે કેઃ-આજે માત્ર લાલનપાલન કરીને માની લીધેલી મારી પાલક પુત્રી સાસરે જશે એથી મારૂં હૃદય ઉત્કંઠાવડે ઘેરાઈ ગયું છે, અટકેલા આંસુઓવડે મારો કંઠ રૂંધાઇ ગયો છે, ચિન્તાવડે મારી દષ્ટિ જડ બની ગઇ છે, વનમાં નિવાસ કરનારા મને પણ પુત્રી સ્નેહવડે આટલું વિકલપણું પ્રાપ્ત થયું છે ત્યારે

ગૃહસ્થાશ્રમી મનુષ્યો–સંસારનાં માતાપિતાઓ પોતાની પુત્રીને સાસરે વિદાય કરતી વખતે પુત્રીવિયોગથી ઉત્પન્ન થએલાં દુઃખથી કેટલાં પીડાતાં હશે ?

એટલામાં તો શૃંગાર ધારણ કરીને શકુન્તલા પિતાના ચરણમાં મસ્તક નમાવીને જવાની આજ્ઞા માગે છે, વંદન કરતી પુત્રીને પિતા આશીર્વાદ આપે છેઃ—

**ययातेरिव शर्मिष्ठा भर्तुर्बहुमता भव ।**
**सुतं त्वमपि सम्राजं सेव पूरुमवाप्नु हि ॥**

મહાત્મા કણ્વ પોતાની પુત્રી શકુન્તલાને આશીર્વાદ આપતાં કહે છે કેઃ–"હે પુત્રી ! પ્રતાપવાન્ યયાતિ રાજાને જેમ શર્મિષ્ઠા નામની સ્ત્રી બહુ માન્ય બની હતી તેમજ તું પણ તારા પતિને બહુજ માન્ય બન; શર્મિષ્ઠાએ જેવી રીતે પુરુ નામના પુત્રને પ્રાપ્ત કર્યો તેમ તું પણ ચક્રવર્તી પુત્રને પ્રાપ્ત કરીશ "

ત્યારબાદ તપોવનમાં રહેલાં વન–વૃક્ષોને ઉદ્દેશીને મહાત્મા કણ્વ કહે છેઃ-

**भो भोः सन्निहिता स्तपोवनतरवः !**

**पान्तु न प्रथमं व्यवस्यति जलं युष्मास्वपीतेषु या ।**
**नादत्ते प्रियमण्डनाऽपि भवता स्नेहेन या पल्लवम् ॥**
**आद्ये वः कुसुमप्रसूति समये यस्या भवत्युत्सवः ।**
**सेयं याति शकुन्तला पतिगृहं सर्वैरनुज्ञायताम् ॥**

અર્થઃ - હે તપોવનનાં તરુઓ ! જે શકુન્તલા તમને સૌને જલ પાયા સિવાય પ્રથમ જલ ન પીવાનો નિશ્ચય કરતી હતી, જેને અલંકારો અત્યન્ત પ્રિય હોવા છતાં અલંકારોમાં શોભા દેવા માટે તમારા નવપલ્લવોને જે કાપતી ન હતી, તમારા પ્રથમના કુસુમ થવામાં

જેને મહાન્ ઉત્સવ થતો હતો તે આ શકુન્તલા આજે તેના પતિમંદિરે જાય છે માટે તમો સર્વે તેને આજ્ઞા આપો.

એટલા વખતમાં જ એક મૃગબાલક આવીને પોતાના કોમલ શૃંગવડે શકુન્તલાના ચરણનો સ્પર્શ કરીને પોતાનો સ્નેહ પ્રદર્શિત કરવા લાગ્યું, તે વખતે નેત્રમાં અશ્રૂપ્રવાહ વહેતો હોવાથી તે મૃગશિશુને ન જોઇ શકતાં શકુન્તલા પોતાના પિતાને પૂછવા લાગીઃ-

"પિતાજી ! આ કોણ છે ?"

પુત્રીના થનારા વિયોગવડે આતુર બનેલા મહાત્મા કણ્વ મુનિ કહેવા લાગ્યાઃ—

**यस्य त्वया व्रणविरोपण मिङ्गुदीनां ।**
**तैलं निषिच्यत मुखे कुशसूचि विद्धे ॥**
**श्यामाकमुष्टि परिवर्धितको जहाति ।**
**सोऽयं न पुत्रकृतकः पदवीं मृगस्ते ॥**

અર્થ-" હે પુત્રી ! પોતાની માતાના મરણથી સ્તનપાનના અભાવે લીલા દર્ભ ચરતાં દર્ભની અણીઓ વડે વિંધાએલા જેના મુખમાં તેં ઘાને રૂઝાવનારૂં ઈંગુદીનું તેલ રેડયું હતું, તેમ જ શ્યામાક નામના (અરણ્યમાં ઉત્પન્ન થનારા) અન્નવડે મોટું કરી બાલક સમાન ગણેલ આ મૃગનું બાલક તારા માર્ગને તજતું નથી.

શકુન્તલાને જવાનો સમય થઇ ગયેલો હોવાથી મહાત્મા કણ્વ પોતાની પુત્રીને શિખામણ આપે છેઃ—

**सुश्रूषस्व गुरून्कुरु प्रियसखीवृत्तिं सपत्नीजने ।**
**भर्तुर्विप्रकृताऽपि रोषणतया मा स्मः प्रतीपं गमः ॥**
**भूयिष्ठं भवदक्षिणा परिजने भाग्येष्वनुत्सेकिनी ।**
**यान्त्येवं गृहिणीपदं युवतयो वामाःकुलस्याधयः ॥**

અર્થ:– "હે પુત્રી ! તારાં સાસૂ શ્વસુર આદિ વડીલોની સેવા કરજે. સપત્ની (શોકયો)માં સખીભાવ રાખજે, કદાચિત્ ક્રોધવડે તારો પતિ તિરસ્કાર કરે તો પણ તેનું વિપરીત ચાહીશ નહીં, નોકર-ચાકરોમાં વિચક્ષણ બનજે, પોતાના સદ્‌ભાગ્યનું અભિમાન કરીશ નહીં, કોઈની સમૃદ્ધિની ઇર્ષ્યા કરીશ નહીં, યુવતિ સ્ત્રીઓ આ પ્રકારે ગૃહિણી (ગૃહરાણી)ની પદવીને પ્રાપ્ત થાય છે અને આથી વિપરીત આચરણ કરનારી સ્ત્રીઓ પોતાના કૂલમાં અધમ મનાય છે.

શકુન્તલા પતિગૃહે પ્રયાણ કરે છે, અને મહાત્મા કણ્વ પુત્રીવિયોગનું આ પ્રમાણે શમન કરે છે:—

"ખરેખર કન્યા એ પારકું ધન છે, તેને આજે પતિગૃહે મોકલી આપીને જેમ પારકી થાપણ આપ્યા બાદ સન્તુષ્ટ થવાય છે તેમ આજે મારો આત્મા પણ તૃપ્ત થાય છે."

ઉપરોક્ત પ્રસંગ અભિજ્ઞાનશાકુન્તલ નામના સંસ્કૃત નાટકના ચોથા અંકના અમુક વિભાગરૂપે મહાકવિ કાલીદાસે સુંદર રીતે આલેખેલો છે.

કન્યાને વળાવવાના શુભ પ્રસંગમાં એનાં માતા-પિતા રડી પડે છે, ગમે તેવા વજ્રહૃદયને પણ પિગળાવી દે એવો એ કરુણ પ્રસંગ છે. પુત્રીવિયોગ જેવા કરુણ પ્રસંગમાં પણ ધૈર્ય ધારણ કરીને કન્યાનાં માતા-પિતાએ એને આવશ્યક બોધ આપવો જોઇએ. એવા પ્રકારનો ઉત્તમ બોધ માત્ર સંક્ષિપ્તમાં આ નીચે બતાવવામાં આવે છે:—

## બાલ્યાવસ્થાનું કર્તવ્ય

**पित्रोर्भक्तिः सती सेवा सतां वचनकृ यथोः ।**
**श्रद्धा तच्छिक्षणं सत्यं सदभ्यासोऽग्राघाद्भयम् ॥**

અર્થ:-બાલ્યકાલમાં કન્યાઓએ માતા-પિતાની ભક્તિપૂર્વક સેવા કરવી, સતી સ્ત્રીઓની પણ સેવા કરવી, સત્પુરુષોનાં વચનપર શ્રદ્ધા રાખવી, તેઓનાં વચન અને કાર્યોનું શિક્ષણ ગ્રહણ કરવું, સત્યનું પાલન કરવું, ઉત્તમ પ્રકારનો અભ્યાસ કરવો, પાપકર્મોથી ડરતા રહેવું વિગેરે કર્તવ્ય બાલાઓનાં છે, કે જે કર્તવ્યો પોતપોતાની પુત્રીઓને બાલ્યકાલમાં માતા-પિતા તરફથી અપાતાં રહે છે અને ખાસ અપાવાં જ જોઇએ.

**યુવાવસ્થાનાં કર્તવ્યો**

**उद्वाहः पतिसेवनं निजगृहे कृत्येषु दाक्ष्यं सती ।**
**संगो मज्जन भूषणादि पचनं लज्जा जनैर्वर्तनम् ॥**
**तुल्यैः स्वैर्गुरुमिश्च पुं परिहृतिर्बालावनं भेषजं ।**
**तच्छिक्षाकुलपालनादि सकलं चेश्यांग्नानां मतम् ॥२॥**

વિવાહ કરીને ગૃહસ્થ ધર્મમાં પ્રવિષ્ટ થવું, પતિની સેવા કરવી ગૃહકાર્યમાં વ્યવસ્થિતપણું અને ચતુરતા રાખવી, સતી સ્ત્રીઓનો સમાગમ કરવો, સ્નાન, સ્વચ્છતા આદિ સદ્‌ગુણો ધારણ કરવા આભૂષણો ધારણ કરવાં, રસોઇ કરવી, લજ્જા રાખવી, સમાન અને વડીલો સાથે કેમ વર્તવું એ વિષે જ્ઞાન ધરાવવું, પરપુરુષો સાથે સંભાષણ આદિ વિશેષ વ્યવહાર ન રાખવો, બાલકોનું સંરક્ષણ કરવું, બાલકોનાં ઔષધો જાણી લેવાં, બાલકોને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપવું તેમ જ માતા-પિતાના અને પતિના કૂલના ગૌરવનું રક્ષણ કરવું આ બધાં ઉત્તમ કૂલમાં જન્મ પામેલી યુવાવસ્થાવાળી સ્ત્રીઓનાં આવશ્યક કર્તવ્યો છે.

**વૃદ્ધાવસ્થાનું કર્તવ્ય**

**सुतास्नुषादि सच्छिक्षा वीक्षां धनगृहादिषु ।**
**रक्षा वंशे देवभक्तिर्दीक्षाभिक्षादिपूराणम् ॥**

વૃદ્ધ સ્ત્રીઓએ પુત્રીઓ તથા પુત્રવધૂઓને શિખામણ આપવી, ધન તથા ગૃહકાર્યમાં બરાબર દૃષ્ટિ રાખવી, પુત્ર-પૌત્રાદિ વંશની રક્ષા કરવી, પરમાત્માની ભક્તિ કરવી તથા નિયમો પાળવાની અચલ દીક્ષા રાખવી, તેમજ ઘેર આવનારાં આગન્તુક અતિથિઓનો સત્કાર કરવો એ વૃદ્ધાવસ્થાનાં કાર્યો છે.

## ગૃહસામ્રાજ્ઞી

પરણીને સાસરે આવ્યા બાદ એ કન્યા મટીને ગૃહરાજ્ઞી પદને પ્રાપ્ત થાય છે, કારણ કે ઘર એ નાનું સરખું રાજ્ય છે. પુરુષોના કરતાં સ્ત્રીઓનો સંબંધ ઘર સાથે વિશેષ હોવાથી ગૃહવ્યવસ્થાના કાર્યની સમ્પૂર્ણ જવાબદારી એને શિર રહે છે ગૃહનાં તમામ સુખ-સાધનો પૂરાં પાડવાનું કાર્ય સ્ત્રીનું છે, પતિની ગેરહાજરીમાં ઘરમાં બરાબર ધ્યાન રાખીને પતિના ઘેર આવતાં તેને વિશ્રાન્તિ માટે યોગ્ય સામગ્રી પૂરી પાડવા એ પ્રત્યેક સ્ત્રીની ફરજ છે, કારણ કેઃ- આ જગતમાં સ્ત્રીનો સાચો મિત્ર, સંકટ સમયનો સહાયક અને અહર્નિશનો આશ્રય-દાતા પતિ છે. પોતાની સુખી કે દુઃખી અવસ્થામાં પણ પતિ જ સ્ત્રીનો ખરો ભર્તા છે.

જે સ્ત્રી પોતાના અભિમાની સ્વભાવને વશ થઇને કે અજ્ઞાન-વશ ઉપર મુજબની વ્યવસ્થાપૂર્વક વર્તતી નથી તેના ગૃહનું સામ્રાજ્ય અવ્યવસ્થિત બની જાય છે કારણકે ઉત્તમ ગૃહિણી સિવાય ગૃહની શોભા વધતી નથી માટે જ કહ્યું છે કેઃ—

**न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते ।**

અર્થઃ- ઘર એ સાચું ઘર નથી પરન્તુ ગૃહિણી-સ્ત્રી એ જ સાચું ઘર છે.

ગૃહિણી સિવાય ઘરની શોભા નથી એટલું જ નહીં પણ ગૃહિણી સિવાય ભાડુતી ઘર પણ મલવું મુશ્કેલ બને છે!

આ પ્રમાણે ગૃહ અને ગૃહિણી એ બન્ને વચ્ચે અત્યન્ત નિકટ નો સંબંધ હોવાથી જ એને ગૃહરાજ્યની રાણી કહેવી એ બિલકુલ અનુચિત નથી. ઘર એ સ્ત્રીનું સામ્રાજ્ય છે,સમગ્ર ઘરમાં ગૃહિણીની સત્તા છે છતાં પ્રત્યેક પુરુષે એ ખ્યાલમાં રાખવા જેવી વાત છે કે **એ રાજ્ય પ્રેમનું રાજ્ય છે; વિશ્વાસ અને શ્રદ્ધાનું રાજ્ય છે જેમ જેમ સ્ત્રી-પુરુષમાં પરસ્પર શ્રદ્ધા અને વિશ્વાસની વિશેષ દઢતા થતી જાય છે, તેમ તેમ એ સામ્રાજ્ય પણ અચળ અને દઢ થતું જાય છે** માટે પ્રત્યેક કૂલ-શીલવાળી સ્ત્રીઓએ પોતાનું એ સામ્રાજ્ય દઢ કરવામાં સહાયભૂત બનવું જોઇએ. તેમ જ પોતાને મળેલા ગૃહરાજ્ઞી પદને દીપાવવું જોઇએ.

**સ્ત્રી સ્વાતંત્ર્ય**

સ્વાતંત્ર્ય શબ્દની વ્યાખ્યા ઘણીજ વિશાલ છે, છતાં આજે એ શબ્દને ઘણોજ સંકુચિત બનાવી મૂકયો છે, અને એથીજ આજે આપણે ત્યાં એ શબ્દ માટે મહાન્ ઝુંબેશ ઉઠી રહી છે. અને તેમાં પણ સ્ત્રી સ્વાતંત્ર્યના કેટલાએ ઈજારદારોએ પોતાનો કક્કો ખરો કહેવડાવવા માટે જ વર્તમાન વસ્તુસ્થિતિ ઉભી કરી છે, તેઓનું કહેવું એમ છે કેઃ- 'પુરુષોની માફક સ્ત્રીઓ પણ છૂટથી ફરી કેમ ન શકે ? ઇચ્છાનુસાર નાટક-સીનેમા, સભાઓ આદિમાં કેમ જઇ ન શકે ? સાયકલ તથા ઘોડાઓ આદિ ખુલ્લા વાહનો ઉપર બેસી કેમ ન શકે ?" આદિ અનેક પાંગળી દલીલો કરીને નારીજગતના વાસ્તવિક આત્મસ્વાતંત્ર્યને છીનવી લેવાના અને કેવલ દૈહિક સ્વાતંત્ર્ય કેળવવાના મિથ્યા પ્રયાસો થઇ રહ્યા છે.

જો કે ઉપરથી જોતાં તો તેઓની દલીલો યુક્તિયુક્ત લાગે છે પરન્તુ તેનો તલસ્પર્શી વિચાર કરતાં તે સર્વે યુક્તિઓ બીનપાયાદાર ઠરે છે એ સ્ત્રીસ્વાતંત્ર્યના ઠેકેદારોનો ભોગ બની

કેટલીએક પાશ્ચાત્ય શિક્ષા-દીક્ષા પામેલી ભોળી બ્હેનો એ મતને પોષણ આપી રહી છે ! તેઓ સર્વે ગ્રામોફોનની રેકોર્ડની માફક જ્યાં ત્યાં એમજ બોલ્યા કરે છે કે આપણા ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓની સ્વતંત્રતા ઉપર કાપ મૂકાયો છે. સ્ત્રીઓની સ્વતંત્રતાને ન ચાહનારા પુરુષોએ જ એ ધર્મશાસ્ત્રો બનાવેલાં હોવાથી એમ બનવા પામ્યું છે.

પરન્તુ તેઓ કેવલ ભ્રમમાંજ પડેલી છે, મારો નમ્ર મત તેથી જુદો પડે છે; શાસ્ત્રોમાં બતાવ્યું છે કેઃ-

**पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।**
**पुत्रो रक्षति वार्धक्ये न स्त्री स्वातन्त्र्यमर्हति ॥**

અર્થાત્ કૌમાર અવસ્થામાં પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં તેનો પુત્ર સ્ત્રીઓનું રક્ષણ કરે છે પરન્તુ સ્વતંત્રતાથી સ્ત્રી પોતાનું રક્ષણ કરવા યોગ્ય નથી.

કેટલીએક બ્હેનો એનો અર્થ ન સમજી તેનો અનર્થ કરી બેસે છે, ઉપરના શ્લોકમાં જે **'रक्षति'** પદ મૂકવામાં આવ્યું છે તેનો અર્થ સ્વતંત્રતા છીનવી લેવાનો નથી; પરન્તુ તેનું યત્નપૂર્વક રક્ષણ કરવાનો છે, હું એ ભોળી બ્હેનોને એમ પૂછું છું કે રક્ષણ કોનું કરવું જોઇએ ? નકામી વસ્તુનું કે મૂલ્યવાન વસ્તુનું ? સાચા ધનને આપણે તીજોરીમાં રાખવું પડે છે, નકામી-મૂલ્યહીન વસ્તુઓને રક્ષણ કરવાની જરૂર હોતી નથી, ધન પોતેજ ધનનું રક્ષણ કદાપિ ન કરી શકે; એ શ્લોકમાં કોઈના પણ અધિકારો છીનવી લેવા જેવી વાત જ નથી સ્ત્રી અને પુરુષોના અધિકારો જુદા જુદા છે, એક બીજાનાં ડીપાર્ટમેન્ટો જ અલગ હોવાથી કોઇ કોઇના હક્કો કોઇ છીનવી શકતું જ નથી કારણ કેઃ—કોઇ કોઇનું કાર્ય કોઇ કરી શકે તેમ જ નથી. ઉલટું સ્ત્રીને પુરુષ વિના અને પુરુષને સ્ત્રી વિના ચાલી શકવાનું નથી, પ્રકૃતિ અને પુરુષનો સહયોગ સૃષ્ટિના

આદિકાલથી ચાલ્યો આવે છે, મન, વચન અને શરીરથી પુરુષ સ્ત્રીને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરે છે, તેવીજ રીતે સ્ત્રી પુરુષ માટે પ્રયત્ન આદરે છે, સંસારરથનાં બન્ને ચક્રો સમાનરૂપથીજ ફર્યા કરે છે; એટલે ઉપરની દલીલો દરેક રીતે ખોટી ઠરે છે. શાસ્ત્રો તો સ્ત્રીને કાર્યમાં મંત્રી સમાન, ભોજન કરાવવામાં માતા સમાન અને ક્ષમામાં પૃથ્વી સમાન ઉપમા આપીને સ્ત્રીઓનું મહત્ત્વ વધારે છે.

ઉલટું પુરુષના કરતાં સ્ત્રીઓનો પ્રેમ કેવલ પ્રેમ માટેજ હોય છે, પુરુષોનો પ્રેમ કદાચ બાહ્ય આનંદ માટે પણ હોઇ શકે; એ વિષયમાં તો સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપયેલી જ છે શાસ્ત્રોમાં સ્ત્રીને '**ગૃહરાણી**' ની ઉપમા અપાયેલી છે, ઘરનાં પ્રત્યેક કાર્યોમાં સ્ત્રી સંપૂર્ણ સ્વતંત્ર છે, સ્ત્રીમાં પુરુષના કરતાં અધિક આકર્ષણનું નામ "પ્રેમ" છે એ પ્રેમનું શાસ્ત્રીય નામ **સતીત્વ** છે.

## આજનું સ્વાતંત્ર્ય

આજનું સ્વતંત્ર્ય તો એ વિશુદ્ધપ્રેમ–સતીત્વને છિન્નભિન્ન કરનારૂં છે સતીત્વના અભાવવાળું આખુંએ નારી જીવન વ્યર્થ છે, એવા સ્વાતંત્ર્યને સ્વાતંત્ર્ય તરીકે નહીં પરન્તુ સ્વચ્છંદતા તરીકે ઓળખવું જોઈએ **સ્વાધીનતા મેળવવા જતાં સતીત્વ ગુમાવવું એ તો હવેલી લેતાં ગુજરાત ખોયા જેવું છે.**

## ઇતિહાસની આરસીમાં

ઇતિહાસમાં દૃષ્ટિ કરો; પોતાના સતીત્વના રક્ષણમાટે પદ્મિનીએ પોતાની સ્વાધીનતા-દીલ્હીના રાજ્યને પણ ઠોકરે માર્યું, સોનાની લંકાના સ્વાતંત્ર્યને સતી સીતાએ તુચ્છ ગણ્યું હતું અને હસ્તિનાપુરના સ્વાતંત્ર્યને સતી પાંચાલીએ પોતાના સતીત્વના રક્ષણ ખાતર લાત મારી હતી અને રાણકદેવીનું દૃષ્ટાન્ત તો આપણા દેશમાંજ બનેલું

છે ત્યારેજ એના સુયશ ઘેર ઘેર ગવાય છે એઓને પોતાના પતિ, સાસુ, સસરા, અને આપ્તજનોનાં નૈતિક બંધનનો એ બંધન ન હતાં પરન્તુ તેવું બંધન એને માટે આદર્શ તપ અને ધાર્મિક સેવા-ફરજ હતી. તેઓને પતિદેવની આગળ પોતાનું નામ કાયમ કરવું હતું અને એથીજ આજે " **સીતારામ** " આદિ પવિત્ર નામોમાં તેવી સતીઓનાં નામો પ્રથમ બોલાય છે.

વિચાર કરો ! પોતાના શીયળની કિમ્મત કરતાં સ્વતંત્રતાની કિમ્મત વિશેષ આંકનારી ચૌલારાણી કે પિંગલાને અત્યારે કોઇ યાદ કરે છે ? એવી નિરંકુશ સ્વતંત્રતા ભયંકર છે એટલુંજ નહીં પણ એવી અનિર્વચનીય સ્વતંત્રતાને ચાહનારી સ્ત્રીઓ ભરતખંડને ભારરૂપ છે.

લંકાના અશોક વનમાં બેઠેલાં ભગવતી સીતાને રાવણે અનેક પ્રલોભનો બતાવ્યાં, પટરાણી બનાવવાની લાલચ બતાવી, આખી સુવર્ણમયી લંકાની સ્વતંત્રતા બક્ષવાનું વચન આપ્યું પરન્તુ રાવણના એ વિશાળ વિવેચન બાદ સીતાજી શું જવાબ આપે છે ? એ બાબત પર ધ્યાન આપવા માટે હું લગ્નરહસ્યના પ્રેમી પાઠકોને વિનતિ કરૂં છું.

સીતાજીએ કહ્યું કેઃ-" દુર્બુદ્ધિ રાવણ ! તારી એ સ્વતંત્રતા તને અને મારી પરતંત્રતા મને મુબારક હો, તારા જેવા મહાન બલવાન અને વૈભવશાળી રાજાની સ્વતંત્રતાને ઠોકરે મારીને હું તારો તિરસ્કાર કરૂં છું, એજ મારી ઉત્તમ સ્વતંત્રતા છે "

ઉપર પ્રમાણેનાં વાકયોથી સ્પષ્ટ માલુમ પડશે કેઃ-ઘરના તમામ કાર્યમાં, બાલકોને કેળવણી આપીને યોગ્ય રીતે સંસ્કાર

આપવામાં અને પતિના હૃદયને પોતાના વિશુદ્ધ પ્રેમવડે પોતાને આધીન બનાવવામાં સ્ત્રી સંપૂર્ણ સ્વતંત્ર છે. અને સ્વતંત્રજ રહેશે

## સ્વાધીન કે પરાધીન ?

હવે બીજી વાત કહી દઉં; સ્ત્રીઓ કહે છે કે અમારે નિરંકુશ નોકરીની, બહાર ફરવા વિગેરેની અને રાજ્યકરવાની કે લડાઇ કરવાની સ્વાતંત્રતા જોઇએ છે, તો તેઓની એ સ્વતંત્રતાજ પાયા વિનાની અને ભ્રમમૂલક છે જો ઉપરની બાબતોમાંજ તેઓને સ્વતંત્રતાની ઝાંખી થતી હોય તો તો તેઓ સ્વતંત્ર થવાને બદલે વિશેષ પરાધીનતાના બંધનમાં ફસાવાની ચાહના કરે છે. કારણ કે એ બધી બાબતોમાં તો પુરુષો પોતે પણ પરતંત્ર છે. નાના રાજાઓથી લઇને જગતના મહાન્ ગણાતાં સામ્રાજ્યો પણ પરતંત્રજ છે. નોકરી કરવાને ઇચ્છતી બહેનો સ્વાધીન કે પરાધીન ? એજ પ્રશ્ન વિચારવા જેવો છે. સંપૂર્ણ સ્વતંત્ર તો પરમાત્મા સિવાય કોઇજ નથી.

પ્રથમજ કહેવાઇ ચૂક્યું છે કે પોત પોતાના કાર્યમાં સ્ત્રી અને પુરુષ બન્ને સ્વતંત્રજ છે. એથી વિશેષ સ્વતંત્રતા અસ્થાને છે, છતાં ઘડીભર માની લઇએ કે:—સ્ત્રીઓને એવા પ્રકારની સ્વતંત્રતા આપી દેવાય તો ? શું તે સ્વતંત્રતા કાયમ ટકી શકે ખરી ?

અધિકાર પ્રમાણે સૌ સ્વતંત્ર છે. અલબત્ત, એમાં ભિન્નતા થવાનું કારણ એજ છે કે:—સ્ત્રી અને પુરુષના પરસ્પરનાં હૃદયમાં અંતર છે; સ્વાર્થનો અને મિથ્યાભિમાનનો ભેદ છે, જયાં હું અને મારૂં એવી ભેદભાવના છે ત્યાંજ પરતંત્રતા છે શાસ્ત્રો એ ભેદને સ્વીકારતાં નથી. એ તો સ્ત્રી અને પુરુષમાં અદ્વૈતભાવ રાખવાની આજ્ઞા આપે છે. અને અદ્વૈતભાવ એજ સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે.

મોટરનાં દરેક અંગો સ્વતંત્ર છે, તેનાં પૈડાંઓ, હેન્ડલ, મશીન બ્રેક, વિગેરે પોત પોતાના અધિકાર અનુસાર સ્વતંત્ર છે તેમાંના કોઇપણ વિભાગ વિના મોટર કદાપિ ગતિમાં આવી શકતી નથી બધાંજ પૈડાંઓ હેંડલ બની જાય તો? કદાચ બ્રેકજ બની જાય તો? એ મોટરને આગળ જવાનુંજ કયાં રહ્યું ?

વિશાલ મકાનમાં કોઇ થાંભલો બને છે, કોઇને સીમેન્ટ બનવુ પડે છે, કોઇને બારી બારણાં બનવું પડે છે, અને કોઇને રેતી પણ બનવું પડે છે પરન્તુ બધા થાંભલાજ બની જાય તો ? પછી એને શું કહેશો ?

જે પુરુષોને અમારી સ્વાતંત્ર્યભૂખી બહેનો સ્વાર્થી અને તેઓની સ્વતંત્રતાને છીનવી લેનારા માને છે તે પુરુષો ઉપર પણ વ્યવહારનો બોજ છે, એના ઉપરી-અમલદારોના, શેઠોના અને આગળ વધતાં કહીએ તો ઘરમાં આવ્યા બાદ ખાન-પાનાદિ મેળવવામાં એની પત્નીઓના પણ પુરુષો સદા-સર્વદા પરતંત્ર જ છે. એનો વિચાર કરવાથી પુરુષો કરતાં સ્ત્રીઓ વિશેષ સ્વતંત્ર છે એમ જણાયા સિવાય રહેશે નહીં.

હા ! જો ઇચ્છાનુસાર નાટક સીનેમામાં જવું, નાનાં બાલકો અને પરિવારના કાર્યને છોડીને ક્લબોમાં જવું, હરકોઈ પુરુષો સાથે સ્વેચ્છાચારપૂર્વક ફરવું, અને સ્વચ્છંદ-નીતિહીન જીવન વ્યતીત કરવું એ વાતોનેજ સ્વતંત્રતાનો સ્વાંગ પહેરાવાતો હોય તો એ સ્વતંત્રતા તેઓનેજ મુબારક હો, એવી સ્વતંત્રતાથી કદાચ ભારતવર્ષનો ઉદ્ધાર થતો હોય તોપણ એ ઉદ્ધાર બૂઝાતા દીપકના વૃદ્ધિ પામતા તેજની સમાન નકામો છે; વ્યર્થ છે.

માટે હું પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરું છું કે-ફેશનના ફંદામા ફસાયેલી અમારી ભારતની ભામિનીઓ સતી સીતા, દમયન્તી અને

દ્રૌપદી સમાન સ્વતંત્રતાની પૂજારિણીઓ બને અને પરતંત્રતાના પાશમાં સપડાયેલી ભારતીભૈયાનો ઉદ્ધાર કરે.*

**દાંપત્યપ્રેમ**

જગત્ સ્વરૂપી વિસ્તૃત કર્મભૂમીમાં પ્રત્યેક મનુષ્યો જે જે કાર્યો કરે છે, તે તે કાર્યમાં તેઓનો કાંઇને કાંઈ ઉદ્દેશ અવશ્ય હોય છે, પ્રલયના જંતુઓ તો નિત્ય અનેક જન્મે છે અને કાલનો ગ્રાસ બની જાય છે, મનુષ્ય જન્મ એ એવા કીડાઓની માફક જન્મીને મૃત્યુ પામવા માટે જ નથી પરન્તુ સ્વકર્તવ્યક્ષેત્રમાં પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે છે, એ પવિત્ર ઉદ્દેશનું નામ **પ્રેમ** છે. એ પ્રેમની પ્રાથમિક શિક્ષા દાંપત્યપ્રેમ છે અને એ પ્રેમનું અન્તિમ ધ્યેય **પ્રભુપ્રેમમાં** પર્યવસિત બને છે. અવસ્થા અને એ દામ્પત્યપ્રેમનો વિકાસ ઉભય દંપતિને અવશ્ય પ્રભુપ્રેમ તરફ વાળે છે અને એ રીતે ધર્માચરણદ્વારા ગૃહસ્થાશ્રમમાં રહીને એ માનવજીવનના અન્તિમધ્યેય–મોક્ષ પ્રત્યે પ્રયાણ કરવામાં અગ્રેસર બની શકે છે. શાસ્ત્રીય વિવાહદ્વારા એકત્વ પામીને દામ્પત્ય પ્રેમપૂર્વક જ્યારે ઉભય દંપતિ સ્વાર્થમાંથી પરમાર્થ તરફ વળે છે ત્યારે તેઓ પોતાના જીવનને ધન્ય બનાવે છે.

પતિ–પત્નીના આ આધ્યાત્મિક સંબંધના પરિણામસ્વરૂપ એ દાંપત્યપ્રેમનો ભાવ મહાન્ ગંભીર છે; સ્ત્રી અને પુરુષે સાથે રહીને એક જ સાધ્યે; એક જ અભિપ્રાયવડે પરસ્પરની સહાનુભૂતિથી, એક બીજાને અવલંબીને પરમકૃપાળુ પરમાત્માને પ્રિય એવાં કાર્યો કરીને પ્રત્યેક પ્રાણિઓને યથાશક્તિ ઉપયોગી થવું એજ એનો

*નારીસ્વતંત્ર્યથી શરૂ થઈને અહીં સુધીનો વિભાગ વિશ્વ–મંગલ માસિકના બીજા વર્ષના ૮મા અંકની સંપાદકીય નોંધ ઉપરથી લીધેલ છે. સંપાદક

મુખ્ય ઉદ્દેશ છે અને એટલા માટેજ સ્ત્રીને **સહધર્મચારિણી** કહેવામાં આવે છે.

દમ્પતિ-યુગલ સિવાય જગત્ પણ નથી તો પછી જગત્‌માં ઉત્પન્ન થયેલી વસ્તુઓ તો ક્યાંથી જ હોય? પ્રકૃતિ અને પરમાત્મા ની ઇચ્છાથી આ વિશ્વની રચના થયેલી છે એજ પ્રમાણે વિશ્વની સર્વે સ્થાવર-જંગમ; પશુ-પક્ષી, માનવ-દેવ વિગેરે સર્વેમાં ઓછે-વત્તે અંશે અથવા પ્રકારાન્તરે દામ્પત્યપ્રેમનું અસ્તિત્વ તો અવશ્ય છે જ.

ભગવાન્ મનુ કહે છે કે:-"જે ઘરમાં સ્ત્રીના શીલ-સ્વભાવ અને વર્તનવડે પતિ; અને પતિના શીલ-સ્વભાવ આદિ વડે સ્ત્રી સન્તુષ્ટ રહે છે તે ઘર એ સાધારણ ઘર નથી પરન્તુ સ્વર્ગ છે."

દામ્પત્યપ્રેમનો મૂલ આધાર પરસ્પરના ચારિત્ર્યને ઉત્તમ બનાવવાનો છે, માટે પ્રત્યેક દંપતિએ પોતાના ચારિત્ર્યને શુદ્ધ બનાવવા માટે લક્ષ્ય રાખવું જોઇએ, કારણ કે **દુરાચારી વિદ્વાન્ કરતાં સદાચારી મૂર્ખ મનુષ્ય વધારે ઉત્તમ છે**, જેનું ચારિત્ર્ય ઉત્તમ હોય છે તે પોતાના ઘરમાંજ નહીં પરન્તુ સમસ્ત, દેશ, જાતિ અને સમાજનો આદર્શ બને છે. પુરુષના ચારિત્ર્યનો વિશેષ આધાર સ્ત્રી ઉપર હોય છે, પતિ ગમે તેવો દુરાચારી હોય છતાં પણ સુશીલ ભાવની સ્ત્રી તેને સુધારી શકે છે એ વિષયમાં પણ મનુસ્મૃતિમાં બતાવ્યું છે:-

"જે કૂલમાં સ્ત્રીઓનું ચારિત્ર્ય ઉત્તમ હોય છે તે સમસ્ત કૂલનું સૌભાગ્ય પ્રતિદિન વૃદ્ધિ પામતું જય છે એવા કૂલનાં સન્તાનો જ પોતાના વંશને ઉજ્વલ બનાવી શકે છે; સ્વયં પરમાત્મા પણ એવા કૂલપર વિશેષ પ્રસન્ન રહે છે"

સ્ત્રીઓ ગૃહની દેવીઓ છે દામ્પત્યપ્રેમની સાક્ષાત્ પ્રતિમાઓ છે એ પ્રતિમાઓ ઘેર ઘેર પ્રકટ થઇને નીચેનું મંગલગીત ગાય એમ આપણે ઇચ્છીએ.

## ગૃહદેવીઓનું મંગલગીત

અમે સ્નેહને સૌજન્યકેરી દેવીઓ રે લોલ;
અમે સ્વર્ગથી સંસારતટે ઊતર્યાં રે લોલ.
અમે શાન્તિને આનંદ બધે રેલીએ રે લોલ;
અમ હાસ્યમાં તો તેજના અંબાર છે રે લોલ.
અમ નેણમાં પ્રેમની ધારા ઝરે રે લોલ;
અમે ધાત્રીઓ સંસારની ગણાઇએ રે લોલ.
અમે વીર કાંઈ ઉછંગમાં હુલાવીએ રે લોલ;
અમ ઉરથી અમૃતની શેરો ઝરે રે લોલ.
અમી પાઇને દેવાંશીઓ ઉછેરીએ રે લોલ;
અમે વિશ્વના સંતાપ સર્વ ફેડીએ રે લોલ.
તપ્યા માનવીને છાંય શીળી આપીએ રે લોલ;
દુઃખી માનવીનું શિર ખોળે રાખીએ રે લોલ.
અમે ઉતર્યાં રોતાંનાં આંસુ લૂછવા રે લોલ;
અમ હાસ્ય થકી શોભતો સંસાર છે રે લોલ.
અમે વિશ્વમાં સૌંદર્યના અવતાર શાં રે લોલ;
અમે કાન્તની માનીતી ગૃહદેવીઓ રે લોલ.
અમે રાજી તો પ્રભુ સદા પ્રસન્ન છે રે લોલ;
અમે સ્વર્ગમાં સંસારને ઉતારીએ રે લોલ;
અમે સ્નેહને સૌજન્યકેરી દેવીઓ રે લોલ.

(ભારતનાં સ્રીરત્નોમાંથી)

# ચતુર્થ પરિચ્છેદ

## ગૃહસ્થાશ્રમ અને શાસ્ત્રાજ્ઞાઓ

### વેદોમાં ગૃહસ્થાશ્રમ

"હે પતિ અને પત્ની! અહીં આ જગતમાં રહો; અભિન્ન-એકજ બનીને રહો, પુત્ર-પૌત્રાદિ સાથે આનંદ કરો, અને પૂર્ણ આયુઃ ભોગવો." ઋગ્વેદ. ૧૦-૮૫-૪૩

"હે પત્ની! તારી દૃષ્ટિ ક્રૂર ન થાઓ, તું પતિની હાની કરનારી ન થજે, પશુઓપ્રતિ દયાલુ અને શુદ્ધ ચિત્તવાળી થજે, તું વીરોને ઉત્પન્ન કરવાવાળી થજે અને પ્રભુભક્તિથી પરિપૂર્ણ બનીને તું દ્વિપદ (મનુષ્યો) અને ચતુષ્પદ (પશુઓ) ને સુખ વધારનારી બનજે" ઋગ્વેદ-૧૦-૮૫-૪૪.

"તારી સાસુ તારા તેજ વડે પ્રભાવિત બનો, તારા સસરા તારા પ્રકાશવડે પ્રભાવિત બનો, તારી નણંદ તારૂં સન્માન કરો, તારા દીયર-જેઠ આદિ તારો આદર-સત્કાર કરો." ઋગ્વેદ-૧૦-૮૫-૪૬

"બધા દેવોની ભાવનાવડે આપણું હૃદય પરસ્પર સ્નેહપૂર્ણ રહો, જલ અને વાયુ આપણું સંયોજન કરનાર બનો, જગતને ધારણ કરવાવાળા અને સર્વને ઇચ્છા મુજબ ચલાવનારા પ્રભુ આપણને (પરસ્પર) અનુકૂલ અને યોગ્ય બનાવે." ઋગ્વેદ-૧૦-૮૫-૪૭

"હે પ્રકાશમય પ્રભો! આપજ અસલમાં ગૃહપતિ છો. આપની જ પ્રેરણાવડે હું ઉત્તમ ગૃહપતિ બનું, આપની કૃપાથી અમો ઐશ્વર્યયુક્ત બનીને ગૃહકાર્યને વિસ્તારીએ અને અમારા પૂર્વજો-આર્યોની જેમ કર્તવ્યમાર્ગનું અમો-દંપતિ અનુસરણ કરીએ" યજુર્વેદ-અ. ૨-૨૭

"હે નારી! હું સન્તાનોત્પત્તિમાટે આ (ગૃહસ્થધર્મના સ્વીકાર સ્વરૂપ) કાર્ય કરૂં છું. તું એવા પુત્રને ઉત્પન્ન કરજે કે જે તારામાટે સુખની ચાહના કરે; અને તું એ (પુત્ર) ને માટે સુખની ચાહના કર." અથર્વ-૩-૨૩-૫

। जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।

# લગ્નરહસ્ય

પોતાની અ. સૌ. પુત્રી ધનકુંવરબ્હેનનાં
શુભલગ્નપ્રસંગે વિનામૂલ્યે ભેટ આપવા માટે

—:પ્રકાશકઃ—

**શ્રી અભેચંદ ગિરધરભાઇ શાહ**
રાજ્યમંત્રી, રાયસાહેબ; ધર્મભૂષણઃ પોરબંદર

—:સંયોજક અને સમ્પાદકઃ—

**પં. મંગલજી ઉદ્ધવજી પુરોહિત, શાસ્ત્રી,**
સાહિત્યભૂષણ, પુરાણવિશારદ,
અધિપતિઃ વિશ્વમંગલ-જુનાગઢ.

અમૂલ્ય

મુદ્રક : **પાનાચંદ લક્ષ્મીચંદ દોશી**
મુદ્રણાલય : શ્રી મહાવીર જૈન પ્રિ. પ્રેસ
મુદ્રણસ્થાન : માલીવાડા રોડ, જુનાગઢ